હીરા કહેવું
નળીકાય

આંધળાભમરાનેર દ્વારે

દોરા કાઢેલું જાળી કામ.

(Drawn Thread Work)

રચનાર

આંવાંબાઈ બરજોર દલાલ.

૧૯૧૨

મુંબઈ:

૪૯૪૧

જામે જમશેદ પ્રીંટીંગ વર્કસ, (બેલાર્ડ હાઉસ, મેંગલોર સ્ટ્રીટ કોટ.)
મધ્યે માણેકજી નવરોજી પ્રીંટરે છાપ્યું છે.


દોરા કાઢેલું જાળી કામ.

(Drawn Thread Work.)

હાલમાં આ જાળીનું કામ લોકો ઘણું પસંદ કરે છે, કારણ કે એ જોવામાં ઘણું ખુબસુરત લાગે છે અને થોડા ખરચમાં બની શકે છે. એ કામ વડે ઘણી ચીજો બની શકે છે; જેવાં કે રૂમાલ, ચાદરની કીનારી તથા તકયાના ગલેફ, તેમજ મેજપર બીછાવવાનું કપડું વગેરે ઘણી ચીજો બની શકે છે. એ કામ કોઈબી સુતરાઉ કપડાં પર બની શકે છે. પણ તે કપડાંની વણાટ એક સરખી જોઈએ. એ કામ બનાવવાને સારૂં ખાસ કપડું પણ બને છે અને તે કોઈબી દુકાન પર મળી શકે છે. એ કામ બનાવવાને નીચે લખેલી ચીજોની જરૂરત છે:— જે ચીજ બનાવવી હોય તેના માપનું સુતરઉ કપડું, તથા સુતરાઉ દોરો, તથા સોય, અને એક કાતર. જો એ કામ ધીરજથી તથા સફાઇથી બનાવ્યું હોય છે તો ખરેખર ઘણું ખુબસુરત લાગે છે; મારી ભલામણ એ છે કે પેહેલાં શરૂઆતમાં સેહેલાઈથી બની શકે એવી તરેહ બનાવવી અને અનુભવ મલ્યા પછી વધારે ભારી તરેહ બનાવશો તો મુશકેલ પડશે નહીં. એ જાળીના કામની

ખુબી એ છે કે ધોવાયાથી બગાડતુ નથી, અને મજબુત કપડાં પર સંભાલથી બનાવેલું હોય છે તો વરસો સુધી ટકી શકે છે. એ કામ કપડાંમાંથી દોરા ખેંચી કાહાડવાથી બને છે. માટે કપડું એવું વાપરવું કે જેના દોરા સેહેલાઇથી ખેંચી શકાય. જો કપડું કકડું હોય તો તેને હાથથી મશળીને નરમ કરવું; કારણ કે કાંજીવાળું કપડું હોય છે તો તેમાંથી દોરા નીકળવા મુશકેલ પડે છે. અને જો મશળવાથી પણ નરમ નહીં થાય તો પાણીમાં ભીણાવવું અને સુકાયા પછી તેના પર કમ બનાવવાનું શરૂ કરવું. એ કપડાંમાંથી જે દોરા કાઢેલા હોય છે તેના વડેજ એ કામ બની શકે છે; પણ સુતરાઉ દોરો જે બજારમાં વેચાય છે તે વાપરવાથી વધારે સફાઈ આવે છે. એ દોરો ઘણો વળવાલો હોવો નહીં જોઈએ. જે પ્રમાણે જાડું અથવા ઝીણું કપડું હોય તે પ્રમાણેનો દોરો પણ વાપરવો. આ ચોપડીમાં એ જાળીનાં કામમાં વપરાતા દરેક ટાંકા આપેલા છે. જો એ દરેક ટાંકા કેમ બનાવવા તે આવડેતો પછી કોઈબી તરેહે, મોટી અથવા નાની, ઘણી સેહેલાઇથી બનાવી શકાશે.

જાળીનાં ભરત કામમાં વપરાતા ટાંકા.



આકૃતિ ૧ લી.


એકવડી ઓટણનો ટાંકો.

(Simple Hem-stitch.)

એ એકવડી ઓટણનો ટાંકો નજદીક દરેક ચીજ બનાવવામાં કામ આવે છે. તારો ખેંચી કહાડયા પછી કીનારી પર એ ટાંકો બનાવવામાં આવે છે કે જેથી કોરને મજબુતાઈ આવેછે અને બીજા તારો નીકળી શકતા નથી. સાદી ઓટણ કરતાં એ રીતે ઓટેલી કોર વધારે સારી લાગે છે. કેટલી પોહોળી કોર રાખવી તે નો શું ચીજ બનાવવાની છે તેપર આધાર રહે છે.

જેટલી પોહોળી કોર બનાવવી હોય તે પ્રમાણે કીનારી રાખવી; જો રૂમાલ બનાવવો હોય તો તેની કોર આસરે એક ઈંચ પોહોળી જોઈએ; તો તેને સારૂં આસરે સવા બે ઇંચ કપડાંની કીનારી રાખવી. એજ પ્રમાણે જો ચાદર કે કોઈ બીજી મોટી ચીજ બનાવવી હોય અને તેની પોહોળી કોર બનાવવી હોય તો કીનારીનું કપડું વધારે રાખવું. હવે જેટલી પોહોળી કોર બનાવવી હોય તેના પ્રમાણમાં કીનારી રાખીને ચાર તારો કપડાંમાંથી ખેંચી કાહાડો. પેહેલો તાર ખેંચતાં જરા મુશકેલી પડશે; પણ ત્યાર પછીના તારો ઘણી સેહેલાઇથી ખેંચાઈ આવશે; એજ પ્રમાણે કપડાંની ચારો તરફ એક સરખું કીનારીને સારૂં કપડું રાખીને ચાર ચાર તારો ખેંચી કાહાડો. એ પ્રમાણે ચારો બાજુના તારો ખેંચવાથી ચારે ખુણાઓમાં એક એક ખુલ્લું ચોરસ કોણું બનશે. હવે જે કીનારીને સારૂં કપડું રાખ્યું છે તે વાળીને એક સરખી કોર બનાવો અને તેને મોટી ફાંક મારીને ટાંકી લેવો કે બરોબર જગ્યા પર રહે અને કપડું ખસી જાય નહીં. જયાં તારો ખેંચેલા છે ત્યાં સુધી કોર વાલવી અને જાળી ખુલ્લી રાખવી; હવે કોર ઓટવાની શરૂ કરવી. જે દોરાથી ઓટણ કરવાનો વિચાર હોય તે દોરો સોયમાં પોવો. બનતાં સૂધી દોરો ઘણો લાંબો લેવો નહીં. કારણ કે તેમાં વારંવાર ગુંચ થયા કરશે અને દોરો તોડવો પડશે અને વધારે વખત લાગશે. જ-

મણી તરફથી સીવવાનું શરૂ કરવું. કીનારીપર સોય ખોસીને સીવવાનો દોરો ઉપર ખેંચો અને દોરાનો છેડો છે તેને કોરમાં વાળીને ટાંકો મારો કે બાહાર નીકળી આવે નહીં. હવે સીવવાનું કપડું તમારા ડાબા હાથનાં પહેલાં આંગળાંપર પકડો અને જમણા હાથમાં સોય પકડી તે કપડાંની જાળીના બે તારો તેનાપર લઇને ખેંચો; પછી પાછી સોય તેજ જગ્યામાં ખોસીને, તેની બે તાર ઉપર, વાલેલી કોરમાં સોય ખોસીને બાહાર કાહાડો. એજ પ્રમાણે બીજા બે તારોમાં સોય ખોસો અને બાહાર ખેંચો અને પાછી તે જગ્યામાં ખોસીને વાળેલી કોરમાંથી બાહાર કાહાડો. એજ પ્રમાણે છેડે સુધી બનાવ્યા જવું; પણ સંભાળ રાંખવી કે સીવવાનો દોરો ઘણો ખેંચાય નહીં. નહીં તો કપડું ખેંચાઈ જશે તો કામ બનાવેલું સારૂં લાગશે નહીં. માટે દરેક ટાંકો એક સરખી રીતે બનાવવો. જો બે તારો લેવાથી જાળી ઘણી પાસે થાય તો ત્રણ તાર લેવા. જેવી જાળી બનાવવી હોય તે પ્રમાણે તાર લેવા. વાળેલી કોરમાં સોય ખોસો ત્યારે પણ તાર ગણીને ખોસવી. જો બે તારપર ખોસી હોય તો દરેક ટાંકો તેજ પ્રમાણે લેવો; નહીં તો ઉંચે નીચે હશે તો સારૂં લાગશે નહીં. એક સરખો ટાંકો બનતાં સુધી લેવો, કે સફાઇદાર કામ થશે. આ કામમાં કપડામાં જાળી બનાવવા સારૂં દોરા ખેંચવામાં આવે છે તેને આપણે તાર કહીશું અને જો દોરા વડે સીવણ થશે તેને દોરો કહીશું; કે જેમ કરવાથી બેની વચમાં ગુંચવણ થશે નહીં, અને બનાવનારને ખુલ્લી સમજ પડી શકશે.



આકૃતિ ૨ જી.


સાદો ઓટણનો ટાંકો બનાવવાની બીજી રીત.

(Another way of working simple Hem-Stitch.)

આ ટાંકો પણ પેહેલે લખેલા ટાંકાના જેવોજ છે, પણ બનાવવામાં થોડો ફેર છે; અને જે કામમાં ઉપર લખેલો ટાંકો વપરાય છે તેમાંજ આ પણ વાપરવામાં આવે છે. ચાર તારો ખેંચો અને જેટલી પોહોળી કોર જોઇએ તેટલી પોહોળી વાલીને ફુક મારો. જે દોરો વાપરવો હોય તે સોયમાં પોવો અને કપડાંની કોરમાંથી બાહાર કાહાડો, અને દોરાનો છેડો કોરમાં વાળીને ટાંકો મારો. હવે ડાબા હાથનાં પેહેલાં આંગળાં પર કપડું

પકડો અને જમણા હાથમાં સોય લઈ તેને કીનારીના બે તારોની ઉપર ખોસો, પછી જાળીના બે દોરામાં ઉપરથી નીચે સોય ખોસો અને દોરો ખેંચો; પછી સીવવાનો દોરો કપડાં આગળથી ડાબા હાથના અંગોઠા નીચે પકડો અને જે જાળીમા દોરો છે તેજ જાળીમાં પાછી સોય ખોસો અને કપડાંના ચારદોરા ગણીને તેમાંથી સોય બાહાર કાહાડો કે સોયપર દોરાનો આંટો આવશે અને એક સાંકળીનો ટાંકો પડશે.

દોરો ખેંચીને ટાંકો બરોબર બેસાડવો. પછી એ ચાર દોરાનો ઝુમખો થયોછે તેની ઉપર એક ગાળો પડશે; તે ગાળામાં સોય ખોસીને કીનારીના બે દોરા છોડીને તે માંથી સોય કીનારીમાં બાહાર કાહાડવી; વળી ફરીથી સોય બે જાળીના તારમાંથી નીચે કાહાડવી; અને જે જાળીમાં સોય ફોડી છે તેમાંથીજ પાછી સોય ખોસીને ચાર તારમાથી બાહાર કાહાડવી ને ઉપરથી દોરાનો આંટો લેવો કે જેથી સાંકળીનો ટાંકો બનશે. પછી એ ચાર તારના ઝુમખાની ઉપરના ગાળામાંથી સોય ખોસીને કીનારીમાં ફોડીને બાહાર કાહાડવી. એ પ્રમાણે છેડે સુધી બનાવ્યા જવું. એ રીતે બનાવ્યાથી જાળીપર સાંકળીનો ટાંકો બનેલો માલમ પડે છે. એ સાંકળીના ટાંકાને અંગ્રેજીમાં (Button-hole stitch) કહે છે. એ આટણ ચાર જાળીના તાર સાથે લીધાથી બને છે.




આકૃતિ ૩ જી.
વેલદાર ઓટણની કોર.

(Trellis Hem-Stitch Border.)

જે કપડાંપર ઉપર લખેલી જાળીદાર કોર બનાવવી હોય તેનાપર કોર વાળવાની જગ્યા રાખીને આઠ તાર ખેંચી કાહાડીને જાળી બનાવવી. જો પોહોળી કોર બનાવવી હોય તો વધારે તાર ખેંચી કાહાડવા. ચારો બાજુએથી એક સરખા તાર ખેંચવા કે કોર નાની મોટી બને નહીં. જેવું જાડું અથવા પતલું કપડું હોય તેવો દોરો સોયમાં પોવો અને જમણી બાજુથી પહેલાં નીચેની કોર બનાવવા માંડો. કપડાંમાં જાળીથી ત્રણ તાર છોડીને ત્યાં સોય ખોસીને દોરો ખેંચો; પછી નીચેથી ઉપર ચાર

જાળીના તાર સોયપર લઇને તેમાંથી દોરો ખેંચો; અને પેહેલાં જે જગ્યામાં સોય ખોસી હતી તેજ જગ્યામાં પાછી ખોસીને કપડાંનાં ત્રણ તાર છોડીને તેની પાસથી સોય બાહાર ખેંચો, એટલે ચાર તારોનો એક ઝુમખો બનશે. ફરીથી એક ઝુમખાની ઉપર જે ગાળો બન્યો છે તેમાંથી સોય ખોસીને ચાર તાર સોય પર લઇને દોરો ખેંચો અને પાછા તેજ ગાળામાં સોય ખોસીને કપડાંની કોરના ત્રણ તાર છોડીને ત્યાંથી સોય બાહાર કાહાડો, એટલે બીજો ઝુમખો બનશે; એ પ્રમાણે છેંડે સુધી બનાવી જવું. પછી હવે નીચેની કોર બનાવવાની શરૂ કરો. નીચેની કોર પણ ઉપર લખવા પ્રમાણેજ બનાવવી; પણ તેમાં એટલો ફરક છે કે સોયપર ચાર તાર લેવો તે બે તાર એક ઝુમખામાંથી અને બે તાર તેની પાસના ઝુમખામાંથી લેવા કે જેમ કર્યાથી વેલ જેવી તરેહ પડશે. કોરમાં ટાંકો લેવો તે એક સરખી રીતે લેવો. જો ઉંચો નીચો લીધેલો હશે તો કામ બનાવેલું સારૂં લાગશે નહીં. ચારો બાજુએ જાળી બનાવવાથી ચાર ખાલી કોણાં પડશે. તેમાં કરોલ્યાની અથવા પૈડાંની તરેહ બનાવવી. (જોવો આકૃતિ ૧૦ મી તથા ૧૧ મી.) એ તરેહ છ નહીં તો આઠ તારની પણ બની શકે છે.



આકૃતિ ૪ થી.


એકવડા વળનો ટાંકો.

(Single Cross Stitch.)

આ જાળીનાં કામમાં આ ટાંકો ઘણો વપરાશમાં આવે છે; કારણ કે એ દેખાવમાં શોભિતો છે, તથા ઘણી સેહેલાઇથી બની શકે છે. જેટલી પોહોળી કોર બનાવવી હોય તેટલી પેહોળી જાળી બનાવો. જો સાંકડી બનાવવી હોય તો આઠ તાર કપડાંના ખેંચવા. અને જો પોહોળી બનાવવી હોય તો તેના પ્રમાણમાં વધારે તાર ખેંચવા.

ચારો તરફના તાર ખેંચી રહયા પછી આકૃતિ ૧ લીમાં લખ્યા પ્રમાણે ઉપર તથા નીચે જાળીની બંને તરફ સાદા ઓટણનો ટાંકો બનાવી જાવો. પણ આકૃતિ ૧ લી માં બે જાળીના તાર સોયપર લેવા લખ્યું છે તેની જગ્યાએ ત્રણ તાર લેવા. એ પ્રમાણે ચારો બાજુએ એકવડી ઓટણનો ટાંકો બનાવી જાવો. ઉપર તથા નીચેની બન્ને કીનાંરીના ટાંકા એક સરખા લેવા કે જેથી ત્રણ ત્રણ તારના ઝુમખા બની શકે; જો ઉપરનો તથા નીચેનો ટાંકો એક જગ્યામાં આવશે નહીં તો બરોબર ઝુમખા બનશે નહીં; કારણ કે જાળીમાં વેહેંચાઇ જશે અને કામ બનાવેલું સારૂં લાગશે નહીં. એ એકવડી ઓટણ બનાવી રહયા પછી વળનો ટાંકો નીચે પ્રમાણે બનાવોઃ—કપડાંમાં જાળી બનાવી છે તેની લંબાઈમાં છેડે સુધી પુરો પડે તેટલો લાંબો દોરો સોયમાં પોવો. કારણ કે જો દોરો ટુંકો પડશે અને વચમાં ગાંઠ આવશે તો કામ બનાવેલું સફાઇદાર લાગશે નહીં જો કોર ઘણી લાંબી બનાવવી હોય તો દોરામાં ગાંઠ મારવો પડશે; પણ ગાંઠ એવી રીતે સફાઇથી મારવો કે માલમ પડે નહીં. હવે સોયમાં દોરો પોયા પછી કપડાંની જમણી તરફથી શરૂ કરવું. જાળીના પેહેલા ઝુમખામાંથી સોય ખોસીને દોરો ખેંચો; અને તે ઝુમખાની વચમાં મજબુત ગાંઠ બાંધો. હવે સોય ઉપરથી પકડીને ત્રીજા ઝુમખા પાસેની ખાલી જગ્યામાં ઘોડો; સોયની અણી તમારા તરફ રાખવી. ત્રીજા ઝુમખા

પાસેની જગ્યામાંથી સોય પ્રેોડીને, બીજા તથા ત્રીજા ઝુમ-ખાની વચમાં કાહાડીને, બીજા ઝુમખાની ઉપર સોય રાખીને પેહેલા તથા બીજા ઝુમખાની વચમાંની જગ્યામાં નીચે લઈને સોયની અણી ઉપર ત્રીજા તથા ચોથા ઝુમખાની વચમાંની જગ્યામાં પ્રેોડીને દોરો બાહાર ખેંચવો. જેમ કર્યાથી જાળીના તારનાં ઝુમખાઓમાં વળ આવશે. સોયમાં પોયલો દોરો ઝુમખાઓના વળની વચમાં રેહેવો જોઈએ; એજ પ્રમાણે દરેક બે ઝુમખાઓમાં વળ લેતાં જવું; વચમાંનો દોરો ખેંચાઈ જાય નહીં તેની સંભાળ રાખવી. આકૃતિ ૪ થીમાં એ તરેહ આપેલી છે તેમાં જોવાથી વધારે સમજણ પડશે. એજ પ્રમાણે પોહોળી જાળી બનાવીને તેમાં દોરાની જગ્યાએ રંગીન રીબનથી એ કામ બનાવવામાં આવે છે તે વધારે ખુબસુરત લાગે છે. એ તરેહ ઘણી સેહેલી છે અને થોડું ધ્યાન આપવાથી બની શકે છે.




આકૃતિ ૫ મી.
બેવડા વળની તરેહ.

(Double Cross-Stitch.)

આ બેવડા વળનો ટાંકો એકવડા વળ કરતાં વધારે અઘરો છે, કારણ કે આ તરેહમાં ચાર ઝુમખાઓમાં વળ આપવાનો છે. એકવડા વળની તરેહમાં તો બેજ ઝુમખાઓમાં વળ આપવાનો છે. પણ જરા ધીરજ અને હુશિયારી વાપરશો તો જરૂર બની શકશે. એકવાર કેમ બનાવવું તે આવડયા પછી બનાવતાં કાંઈ વખત લાગશે નહીં અને ઘણું જલદી બની શકશે. એ તરેહને સારૂં

અરધો ઇંચ પોહોળી જાળી બનાવવી જોઈએ; માટે કપડાંના સોળ તાર ખેંચવા, અને જ્યાં જાળી બનાવવી હોય ત્યાં જાળી બનાવવી; અને પછી આકૃતિ ૧ લીમાં લખ્યા પ્રમાણે એકવડી ઓટણનો ટાંકો ફક્ત બે તાર સોયપર લઇને જાળીની ઉપરની તથા નીચેની બેઉ કીનારી પર બનાવી જવું. ફક્ત બે તારનાજ ઝુમખા બનાવવા; કારણ કે એ તરેહને સારૂં ઝુમખા ઘણા નજદીક જોઈએ છે. જો વધારે તારના ઝુમખા બનાવવાની ખુશી હોય તો જાળીના તાર વધારે કાહાડીને જાળી પોહોળી બનાવવી. કારણ કે એ તરેહમાં ઝુમખાઓ એક એકની ઉપરથી વાળવા પડે છે, એટલે વળ ખવાડવાને સારૂં પુરતી જગ્યા જોઈએ છે. જો તેમ પુરતી જગ્યા હોય નહીં તો કપડું ખેંચાઈ જાય. હવે કપડાંમાં જેટલી લાંબી જાળી બનાવવી હોય તેમાં છેડે સુધી પુરો પડે તેટલો દોરો સોયમાં પોવો, અને જમણી બાજુથી શરૂ કરો. પેહેલા ઝુમખામાં દોરા વડે મજબુત ગાંઠ મારો. હવે સોયની અણી તમારા તરફ રહે એવી રીતે હાથમાં સોય પકડો; અને ત્રીજા તથા ચોથા ઝુમખાની વચમાંની જગ્યામાં ઉપરથી સોય ઘોડો; અને નીચે બીજા તથા પેહેલા ઝુમખાની ઉપર સોય રાખીને સોયની અણી ઝુમખામાં વળ આપી ને નીચેથી ઉપર પેહેલા તથા બીજા ઝુમખાની જગ્યામાં ઘોડીને ત્રીજા તથા ચોથા ઝુમખાની વચમાંની જગ્યામાંથી બાહાર કાહાડો અને દોરો ખેંચો; પછી ચોથા તથા પાંચમા

ઝુમખાની વચમાંની જગ્યામાં સોય ફેડીને જે જગ્યામાંથી દોરો નીકળે છે તે જગ્યામાં સોય ફેડીને વળ લઈને સોય પાછી ચોથા તથા પાંચમાં ઝુમખાની વચમાંની જગ્યામાંથી લઈને ખેંચી કાહાડો. એટલે એક ઝુમખો વળવાલો બનશે કે જે ચાર ઝુમખાઓથી બનેલો છે. એ પ્રમાણે છેડે સુધી બનાવ્યા જવું. એ તરેહ બનાવવામાં મેહેનત વધારે પડે છે પણ એ ઘણી સુંદર તરેહ છે એટલે મેહેનત છતાં લોકોને વધારે પસંદ પડે છે. એ તરેહનો નમુનો આકૃતિ ૫ મીમાં આપેલો છે તે જોવાથી બનાવનારને વધારે સમજ પડશે.



આકૃતિ ૬ ઠી.

એકવડી ઓટણ તથા બેવડા ટાંકાની તરેહ.

(Insertion of Hem Stitch or cross-stitch)


આ તરેહ જરા પોહોળી વધારે છે તેને લીધે બીજી આપેલી તરેહો કરતાં વધારે રૂપાળી લાગે છે. એ તરેહ ઘણી સેહેલાઈથી બને છે અને વખત પણ ઘણો લાગતો નથી. એ તરેહ જેટલી પોહોળી જોઈએ એટલી પોહોળી બનાવી શકાય છે. ઉપર નમુનો આપેલો છે તેમા ચાર જાળીની હાર બનાવેલી છે; પણ જો એના કરતાં ઓછી પોહોળી જોઈએ તો બેજ જાળીની હાર બનાવવી અને વધારે પોહોળી જોઇએતો તેટલી હાર વધારે બનાવવી.

એ તરેહમાં જાળીઓની હારની વચમાં સાદી કપડાંની પટી રહે છે, તેનાપર (કેનવસ પર ભરીએ છીએ તેવો) બેવડો ટાંકો આવે છે. અને બે બે હારોની વચમાં પોહોળી પટી છે તેના પર "હેરીંગ બોન" નો ટાંકો બનાવેલો છે. જો ચાર જાળીની હાર બનાવવી હોય તોજ તે પોહોળી પટી કામ આવે છે; ને બે જાળીની હારજ બનાવવી હોય ત્યારે તે પોહોળી પટી બનાવવી નહીં. નીચે પ્રમાણે જાળી બનાવવાને સારૂં તાર ખેંચવા:—

કપડાંમાં વાળવાને સારૂં જેટલી પોહોળી કોર જોઈએ તેટલું કપડું રાખીને આઠ તાર ખેંચવા અને ચાર તાર કપડાંના છોડીને પાછા બીજા આઠ તાર ખેંચવા; હવે પોહોલી પટી બનાવવા સારૂં કપડાંના દશ તાર છોડીને પાછા આઠ તાર ખેંચવા, અને બીજા ચાર તાર છોડીને ચોથી હાર બનાવવાને સારૂં બીજા આઠ તાર ખેંચો; એટલે ચાર હાર બનશે; પણ જો બેજ જાળીની હાર બનાવવી હોય તો ઉપર લખેલી બેજ હારના તાર ખેંચવા ને બાકીની હારોના ખેંચવા નહીં. હવે જે દોરાથી કામ બનાવવું હોય તે દોરો સોયમાં પોવો અને પેહેલી જાળીની હારની કીનારી પર એકવડી ઓટણનો ટાંકો બનાવી જાવો; ત્યાર પછી બીજી હારની ઉપરની કીનારી પર પણ એજ ટાંકો બનાવવો; એ ટાંકો બેઉ તરફ ચાર તાર સોયપર લઇને બનાવશો, જેથી ચાર ચાર તારના

ઝુમખા બનશે; અને ઉપર તથા નીચે બેઉ જગ્યાએ એકજ સરખો ટાંકો આવવો જોઈએ. હવે બે જાળીની હારોની વચમાં સાંકડી પટ્ટી છે તેના પર બેવડો ટાંકો બનાવવો. સાંકડી પટ્ટીની વચમાં સોય ફોડો અને ત્યાં દોરાનો ગાંઠ મારો; પછી જમણી બાજુની જાળીની બીજી હારના પેહેલા ઝુમખાના ચાર તાર છે તેમાંથી બેની વચમાં સોય ફોડો; અને પેહેલી હારના પેહેલા ઝુમખાના બીજા તથા ત્રીજા તારની વચમાં સોય ફોડીને ખેંચો. પછી પાછી સોય બીજી હારના બીજા ઝુમખાના બે તાર આગળની જગ્યામાં ફોડો અને પેહેલી હારના બીજા ઝુમખાના બીજા તથા ત્રીજા તારની વચમાં કાહાડો; એવી રીતે છેડે સુધી બનાવી જાવો. હવે એજ પ્રમાણે ઉપરથી નીચે પાછાં બનાવી જાવો. જે પ્રમાણે પેહેલી હારમાં ઝુમખાઓના બબે તાર વેહેંચીને ટાંકો બનાવી ગયાં છો તેજ પ્રમાણે ઉપરથી નીચે પણ બનાવી જવું, કે જેથી ઝુમખાના તાર વેહેંચાઇને જાળી પડશે અને સાદી પટ્ટીની ઉપર બેવડો ટાંકો પડશે. એજ પ્રમાણે ઉપરની બે હારો પણ બનાવવી; અને જો ચાર હારની તરેહ બનાવવી હોય તો પોહોળી વચમાં પટ્ટી છે તેના પર "હેરીંગ બોન" તરેહ ભરી જવી. "હેરીંગ બોન" તરેહ નીચે પ્રમાણે બને છેઃ—કપડું ડાબા હાથનાં પેહેલાં આગળાં ઉપર પકડવું, અને કપડાંમાં સોય ઉપર ફોડવી;

સોયની અણી તમારા તરફ રાખીને કપડાંમાંનાં ચાર તારની ઉપરથી સોય ફોડીને નીચે ખેંચવી. પછી જયાં તમે પેહેલાં સોય ફોડી હતી તેની સામે અને તેનાથી થોડી ઉપર પાછી સોય ફોડવી, અને પેહેલાં જયાંથી ટાંકો મારેલો છે તેજ જગ્યામાં બાહાર કાહાડવી. વળી પાછી તેની સાંમેની બાજુમાં થોડે ઉપરથી સોય ફોડવી અને તેની નીચે છેહલો ટાંકો બનાવેલો છે ત્યાંથીજ સોય ઉપર કાહાડવી: એવી રીતે બનાવ્યા જવું. એ "હેરીંગ બોન" તરેહ બનાવતી વખતે આખો વખત સોયની અણી તમારા પોતા તરફ રાખીને બનાવવામાં આવે છે.



આકૃતિ ૭ મી.

એકવડો ગાંઠનો ટાંકો.


(Punto tirato knot)

આ તરેહ ઘણી સેહલ છે અને બનાવતાં ઘણો વખત લાગતો નથી; અને જેટલી પોહોળી બનાવવી હોય તેટલી બની શકે છે. એ તરેહ ટ્રેમાં બીછાવવાનાં કપડાં પર તથા ટેબલ કવર પર બનાવવામાં કામ આવે છે. તકયાના ગલેફની ચારો બાજુએ પણ એ તરેહ બનાવી હોયતો ગલેફ ઘણો સરસ લાગે છે. જે કપડાંપર એ તરેહ બનાવવી હોય તે કપડાંમાં અરધો ઇંચ પોહોળી જાળી

બનાવવી; જો આસરે ૨૦ અથવા ૨૨ તાર ખેંચશો તો એટલી પોહોળી જાળી બનશે. હવે જાળીની ઉપરની તથા નીચેની બેહુ કોરપર આકૃતિ ૧ માં લખ્યા પ્રમાણે સાદી ઓટણ ચાર જાળીનો તાર સોયપર લઈને બનાવી જાવો; એટલે ચાર ચાર તારના ઝુમખા બનશે. સંભાળ રાખવી કે ઉપરની તથા નીચેની બેહુ કોરના ટાંકા એકજ જગ્યાએ આવે; નહીં તો બરાબર ઝુમખા બનશે નહીં. હવે સોયમાં લાંબો દોરો પોવો કે જે જાળીને છેડે સુધી પુરો પડે અને વચમાં દોરો જોડવો પડે નહીં.

હવે એકવડો ગાંઠ નીચે પ્રમાણે બનાવો. જમણી તરફથી શરૂ કરો; પેહેલા ઝુમખાની વચમાં ગાંઠ મારો. પછી જેમ સાંકળીનો ટાંકો સોય ઉપર આંટો લઈને બનાવીએ છીએ તેમ ત્રણ ત્રણ ઝુમખા સાથે લઇને બનાવો; પણ એટલી સંભાળ રાખવી કે દોરો ખેંચાય નહીં; જો દોરો ખેંચાશે ને કપડું સોસાઇ જશે તો સારૂં લાગશે નહીં. સાંકળીનો ટાંકો નીચે લખ્યા પ્રમાણે બનાવવો:—દોરો તમારા ડાબા હાથના અંગોઠાની નીચે પકડો અને જમણા હાથમાં સોય લઈને પેહેલા ઝુમખા આગળથી ફોડીને ત્રીજાને ચોથા ઝુમખાની વચમાં ફોડો, અને સોય ઉપર દોરાનો આંટો લઇને સોય ખેંચો; ને ગાંઠ ખેંચીને ઝુમખા પર વચમાં બેસાડો. વળી ફરીથી ડાબા હાથના અંગોઠાની નીચે દોરો પકડો, અને પેહેલા ઝુમ-

ખાના ગાંઠમાંથી દોરો નીકળે છે તે દોરાની ડાભી બાજુથી ત્રીજા અને ચોથા ઝુમખાની વચમાના ગાળામાં સોય ઘાલો, અને ત્રણ ઝુમખા સોયપર લઈને છઠા તથા સાતમા ઝુમખાની વચમાંનાં ગાળામાં સોય ઘાલો; અને જેમ સાંકળીનો ટાંકો બનાવીએ છીએ તે પ્રમાણે દોરાનો આંટો લઇને સોય ખેંચવી અને ગાંઠ મજબુત બેસાડવો, એટલે બીજો મોટો ઝુમખો બનશે; એ પ્રમાણે છેડે સુધી બનાવ્યા જવું. એ તરેહ બનાવતાં એટલી સંભાળ રાખવી કે ઝુમખાની બરોબર વચમાં ગાંઠ આવે ને એક સરખો સીધો દોરો રહે. એ ગાંઠનો ટાંકો આ જાળીનાં કામમાં વારંવાર વપરાય છે, માટે એ ટાંકો સંભાળથી અને સારો બનાવતાં શીખવું.



આકૃતિ ૮ મી

રફુ કરવાના ટાંકાની કોર.


(Border worked in Darning Stitch.)

આ તરેહ ઘણી સેહેલી અને શોભીતી છે; અને એ રફુ કરવાના ટાંકા વડે ઘણી બીજી તરેહો બની શકે છે. ઉપર આપેલી તરેહમાં એ ટાંકાની ચોકટીઓ બનાવેલી છે; પણ એ ટાંકા વડે વાંકવેલની તરેહ અથવા ફુલની તરેહ વગેરે પણ બની શકેછે. એ તરેહ બનાવવાને સારૂં જે કપડાંપર બનાવવાની હોય તેમાંથી આસરે ૩૦ તાર ખેંચીને જાળી બનાવવી. એટલે પોણો ઇંચ પોહોલી જાળી બનશે. હવે જાળીની ઉપરની તથા નીચેની બેહુ કીનારી-

ઓપર પેહેલી આકૃતિમાં લખ્યા પ્રમાણેનો સાદી ઓટણ નો ટાંકો જાળીના ત્રણ તાર સોયપર લઇને બનાવી જાવો. ઉપર તથા નીચેની બેહુ કોરપર એક સરખો ટાંકો બનાવવો, કે જેથી ત્રણ ત્રણ તારના ઝુમખા બનશે. જો ઉપરનો તથા નીચેનો ટાંકો જુદા જુદા તારમાં આવશે તો ઝુમખાના તાર વેંહેચાઈ જશે ને કોર સારી બનશે નહીં. ઉપર તથા નીચેની બેહુ ઓટણ પુરી કીધા પછી બે હાર એક સરખી જગ્યા રાખીને એકવડા ગાંઠના ટાંકાએ (Punto tirato knot) બનાવી જાવો કે જે ટાંકો બનાવવાની રીત આકૃતિ ૭ માં આપેલી છે. દરેક ઝુમખા પર એ ટાંકો બનાવી જવો; પણ દોરો ઘણો ખેંચવો નહીં; ટાંકો સીધો બનાવવો, વાંકો તેડો થવો નહીં જોઇએ. એ જાળીનાં સરખા ત્રણ ભાગ થાય તેટલે દૂર બે હારો બનાવવી. પોણો ઈંચ પોહોલી જાળી છે એટલે નીચેથી પા ઈંચ દૂર એક હાર બનાવવી, અને ઉપરની કીનારીથી પા ઇંચ બીજી બનાવવી, એટલે ત્રણ સરખા ગાળા પડશે. એ તરેહ ઉપર આપેલી છે તે જોવાથી વધારે સમજ પડશે. હવે રફુના ટાંકાથી ચોકટીઓ બનાવવાની શરૂ કરો; સોયમાં દોરો પોઇને પછી તે કપડાંની જમણી બાજુની કીનારીને છેડે સોય ફોડો. હવે જાળીની પેહેલી હારના ચોથા અને પાંચમા ઝુમખાની વચમાંથી સોય ઉપર ફોડો અને દોરો ખેંચો;

પછી પાંચમા અને છઠા ગાળાની વચમાંથી નીચે સોય ફેરાડો અને છઠા અને સાતમા ઝુમખાના વચમાંના ગાળામાંથી બાહાર કાહાડો અને પાછી સોય સાતમા અને આઠમા ઝુમખાની વચમાંના ગાળામાં નીચે ફેરાડો, અને આઠમા તથા નવમા ઝુમખાની વચમાંના ગાળામાંથી બાહાર કાહાડીને દોરો ખેંચો. હવે સોયની અણી તમારા પોતા તરફ રાખીને આઠમા તથા સાતમા ઝુમખાઓની વચમાના ગાળામાં નીચે સોય ફેરાડવી. પછી સાતમા તથા છઠા ઝુમખાની વચમાના ગાળામાંથી ઉપર કાહાડવી, અને પાછી છઠ્ઠા તથા પાંચમાં ઝુમખાઓની વચમાંના ગાલામાં નીચે ફેરાડવી અને પાંચમાં તથા ચોહ્યા ઝુમખાની વચમાંના ગાલામાંથી બહાર કાઢવી. એજ પ્રમાણે ઉપર તથા નીચે ચાર ઝુમખા પર બનાવ્યા જવું. જયાંસુધી જગ્યા ભરાઈ રહે અને ચોકટી બને ત્યાંસુધી બનાવ્યા જવું. એ ચોકટી પુરી થયા પછી જો સીવવાનો દોરો નીચે (એટલે જમણી બાજુએ) હોય તો વચલી જાળીની હારના પેહેલા ચાર ઝુમખાપર ઉપર લખ્યા પ્રમાણે રફુના ટાંકાની ચોકટી બનાવવી ત્યાર પછી તેની ઉપરના ચાર ઝુમખા પર બનાવવી, અને તે થયા પછી બરાબર તેની ઉપર ત્રીજી હારના ચાર ઝુમખાઓ પર ચોકટી બનાવવી, અને છેલ્લે વચલી હારમાં પેહેલી બનાવેલી ચોકટીની પાસેના ચાર ઝુમખા

ઓ પર બનાવવી; એટલે પહેલી હારમાં તથા ત્રીજી હારમાં એક એક ચોકટી બનશે અને વચલી હારમાં ત્રણ ચોકટીઓ હારબંધ બનશે. હવે એજ પ્રમાણે ચોકટીઓ બનાવી જાવો. વચલી હારમાં ચાર ઝુમખા છોડીને તથા ઉપલી તથા નીચલી હારમાં બાર બાર ઝુમખા છોડીને બીજી ચોકટીઓ બનાવવા માંડવી. એ રફુનો ટાંકો ઘણો સેહેલો છે, અને મારા ધારવા પ્રમાણે તો દરેક જણને માલમ હોવો જોઈએ, કારણ કે એ મોજાં તથા બીજાં કપડાં રફુ કરવાનાં કામમાં આવે છે. આ તરેહમાં ફક્ત ચાર ઝુમખાઓપર એ ટાંકો બનાવવામાં આવ્યો છે, પણ એ બે અથવા તેનાથી વધારે ઝુમખાઓપર પણ બની શકે છે. શું તરેહ બનાવવાની છે તેપર આધાર રહે છે. એ ચોકટીઓ બનાવવાને સારૂં વધારે જાડો દોરો વાપરવો, અથવા જો જાડો દોરો નહીં હોય તો બેવડો દોરો વાપરવો. જાડા દોરાવડે બનાવવાથી ચોકટીઓ ઉપસેલી બને છે અને કોર વધારે શુસોભીત લાગે છે.




આકૃતિ ૯ મી.
ગોળ આકારની તથા જાળીની તરેહ.

(Trellis & Rosette Border.)

આ તરેહ પોહોલી છે, અને કલોથ અથવા ટેબલ કલોથ પર બનાવવામાં આવે છે. એ તરેહ બનાવવાની તો સેહેલ છે, પણ પોહોળી હોવાને લીધે બનાવતાં વખત વધારે લાગે છે. એ તરેહ બનાવવાને સારૂં નીચે પ્રમાણે જાલીના તાર કાઢો:—પેહેલાં દશ તાર ખેંચી કાઢો. પછી પાંચ તાર છોડીને બીજા ત્રીસ તાર ખેંચો, અને પાંચ તાર કપ-ડાંના છોડીને પાછા દશ તાર ખેંચો, એટલે ઉપર તથા નીચે બે સાંકડી તથા વચમાં પોહોળી જાળી પડશે. હવે ઉપર તથા

નીચેની જાળીઓમાં આકૃતિ ૩–જીમાં લખ્યા પ્રમાણે જાળીની તરેહ (Trellis Hem-stitch) બનાવી જાવો. પેહેલાં તો છેક નીચેની તથા સૌથી ઉપરની એ બેહુ કીનારી ઉપર ચાર તાર સોયપર લઇને સાદ્દી ઓટણનો ટાંકો આકૃતિ ૧. માં લખ્યા પ્રમાણે બનાવી જાવો. પછી સાંકડી જાળીની ઉપરની કીનારીપર પણ એજ ઓટણનો ટાંકો બનાવો; પણ બે તાર એક ઝુમખામાંથી તથા બીજા બે તાર તેની પાસેના ઝુમખામાંથી એમ ચાર તાર લેવા કે જેથી જાળીદાર તરેહ પડશે. એજ પ્રમાણે ઉપરની સાંકડી જાળીમાં પણ તરેહ બનાવવી. હવે વચમાંની પોહોળી જાળી બનાવવા માંડો. પેહેલાં તો ચાર ચાર તાર સોયપર લઇને પેહેલી આકૃતિમાં લખ્યા પ્રમાણે સાદ્દી ઓટણ ઉપર તથા નીચે બનાવી જાવો. ઉપર તથા નીચે બેહુ બરાબર એકસરખી ઓટણ કરવી કે ચાર ચાર તારના ઝુમખા બનશે. હવે એ જાળીનાં પેહેલા ઝુમખામાં દોરાનો ગાંઠ મારો, અને આકૃતિ ૭. માં લખ્યા પ્રમાણે ત્રણ ત્રણ ઝુમખા સાથે લઇને એકવડો ગાંઠનો ટાંકો (Punto tirato knot) બરાબર વચમાં બનાવી જાવો. હવે તે હાર પૂરી થયા પછી ગોળ આકારની તરેહ બનાવવા માંડો; જે ગાંઠની હાર હાલમાં બનાવી તેની સેન્જ ઉપર પેહેલા ઝુમખામાં ગાંઠ મારો. એમાં પણ આકૃતિ ૭. મા લખેલો એકવડો ટાંકોજ

બનાવવાનો છે. પેહેલા ઝુમખાપર એ ટાંકો બનાવો; પછી તેની પાસેના ઝુમખાપર સેજ ઉંચે એજ ટાંકો બનાવો; અને પછી ત્રીજા ઝુમખાપર પણ એજ ટાંકો બનાવો; પણ બીજા ઝુમખાપર બનાવ્યો હોય તેનાથી સેજ નીચે બનાવવો, કે જેથી અર્દ્ધગોળ આકાર પડશે. પછી પેહેલે વચમાં જે ગાંઠની હાર બનાવેલી છે તેનો દોરો વચમાં હશે તેનાપર પણ એક ગાંઠ બનાવો, ને હવે સામી બાજુના ત્રણ ઝુમખાઓપર ઉપર લખ્યા પ્રમાણે એક એક ગાંઠ બનાવો; પછી પાછો એક ગાંઠ વચમાંના દોરાપર બનાવીને પાછા સાંમી બાજુના ઝુમખાપર જાવો; એજ પ્રમાણે છેડે સુધી બનાવ્યા જવું; એટલે અર્ધ આકાર બનશે. હવે પૂરો ગોળ આકાર બનાવવાને સારૂં પેહેલાંની માફકજ બીજી હાર માંડો, ને બાકી રહેળા ઝુમખાઓપર ગાંઠ બનાવી જાવો. ગાંઠ બનાવતાં એટલી સંભાળ રાખવી કે દોરો ઘણો ખેંચાઈ જાય નહીં અથવા ઘણો ઢીલો પણ રેહે નહીં. જો તેમ થશે તો તરેહ સારી લાગશે નહીં. એ તરેહ ઉપર આપેલી છે એટલે ઝુમખાઓપર ગાંઠ કેમ બનાવવા તે તે તરેહ જોવાંથી વધારે સમજ પડશે.



આકૃતિ ૧૦ મી.
આડી જાળીના તરેહ.


(Border of Diagonal Threads.)

આ તરેહ બનાવવાની ઘણી સેહેલ છે અને જેટલી પોહોળી બનાવવી હોય તેટલી પોહોળી બનાવી શકાય છે. જો એક ઈંચ પોહોળી બનાવવી હોય તો આસરે પાંત્રીસ તાર કપડાંમાંથી ખેંચીને જાળી બનાવો. ચારે તરફ એ પ્રમાણે બનાવ્યાથી ચારે ખુણાંમાં એકેકી ખુલ્લી ચોકટી બનશે. હવે ઉપરની તથા નીચેની બેહુ કીનારીઓ પર આકૃતિ. ૧ માં લખ્યા પ્રમાણે સાદી ઓટણનો ટાંકો (Single Hem-stitch) બનાવી જાવો; અને સોયપર જાળીના ચાર તાર લઇને બનાવવો કે જેથી

ચાર ચાર તારના ઝુમખા બનશે. ઉપર તથા નીચે બેહુ જગ્યાએ એક સરખો ટાંકો લેવો કે જેથી બરાબર ઝુમખા બને અને તાર વેહેંચાઇ જાય નહીં. બેહુ કીનારી પર ઓટણ કર્યા પછી હવે ગાંઠના ટાંકાની હાર બનાવવા માંડો. હવે આકૃતિ. ૭. માં લખ્યા પ્રમાણે એકવડા ગાંઠની (Punto tirato knot) ની ત્રણ હાર એ જગ્યામાં બનાવવાની છે. પેહેલા ઝુમખામાં કોરથી પા ઈંચ દૂર ગાંઠ મારો; અને ત્રણ ત્રણ ઝુમખા સાથે લઈને એકવડો ગાંઠ બનાવો. એ પ્રમાણે દરેક ત્રણ ત્રણ ઝુમખા પર ગાંઠની તરેહ બનાવી જાવો. હાર પુરી થાય પછી જે ખુલ્લુ ખુણું છે તેનાપરથી દોરો લઇને સાંમી કીનારી પર ગાંઠ મારીને દોરો તોડો. હવે બીજી ગાંઠની હાર બનાવવા માંડો; એ હાર પેહેલી હારથી પા ઈંચ દૂર તથા કીનારીથી અરધો ઈંચ દૂરથી શરૂ કરો. હવે એ હારમાં ઝુમખાના તાર વહેચવાના છે, એટલે તેમ કરવાથી જાળીની તરેહ પડશે. પેહેલા ઝુમખાપર ગાંઠ મારો; પછી બે તાર પેહેલા ઝુમખાના બાકી રહયા તે તથા બીજા ઝુમખામાંથી એક લઈને ત્રણે સાથે સોયપર લઇને તેનાપર ગાંઠ મારો. હવે બીજા ઝુમખામાંનો એક બાકી રહેલો તે તથા ત્રીજા ઝુમખામાંના બે તાર મલીને ત્રણ તાર સોયપર લઇને ગાંઠ બનાવો. એ પ્રમાણે ત્રણ ત્રણ તાર સોયપર લઇને છેડે સુધી બનાવી જાવો; અને

પેહેલી હારમાં લખ્યા પ્રમાણે ખુલ્લાં ખુણાંપરથી દોરો લઈને સાંમી બાજુની કીનારીપર ટાંકો મારો અને દોરો તોડો; હવે પાછી જમણી બાજુથી ત્રીજી હાર બનાવવા માંડો; ત્રીજી હાર ઉપલી કીનારીથી ૫ા ઇંચ દૂરથી શરૂ કરો; ત્રણે હાર એક એકથી એકસરખી દૂર બનવી જોઈએ. પહેલા ઝુમખાપર ગાંઠ મારો, અને પેહેલો ઝુમખો તથા બીજા ઝુમખામાંના બે તાર લઇને એ ત્રણની ઉપર ગાંઠ બનાવો. પછી બીજા ઝુમખાનો બાકી રહેલો એક તાર તથા ત્રીજા ઝુમખામાંથી બે તાર, એ ત્રણ તારો સાથે લઇને ગાંઠ મારો. એ પ્રમાણે છેડે સુધી ત્રણ ત્રણ તારો લઇને ઝુમખા બનાવ્યા જવું; એટલે ઝુમખાઓના તાર વેહેંચાઈ જઈને જાળીની તરેહ પડશે. હવે એક બાજુ તરફની કોર એ પ્રમાણે બનાવી રહયા પછી બીજી બાજુની બનાવવા માંડો ત્યારે એટલું ધ્યાંનમાં રાખવું કે ખુલ્લા ખુણાંઓમાં જે ઉભા દોરા આવેલા છે તે દોરાઓપર પણ એક એક ગાંઠ એક સરખો દૂર મારવો, જેથી દોરાઓ વડે ખુણામાં ચોકટીની તરેહ પડશે. હવે એ ખુણું વધારે સારા દેખાવનું બનાવવા સારૂં ઉપર આપેલી આકૃતિમાં કરોળયાના તરેહ બનાવેલી છે તે જો પસંદ પડે તો બનાવવી, અથવા તો ખાલી જાળીની તરેહજ રેહેવા દેવી. કરોળયો નીચે લખવા પ્રમાણે બનાવવો.—એ તરેહ બનાવવાને સારૂં આઠ તાર જોઈએ છે, માટે કોઈ એક

ખુણાંમાંથી સોય વડે દોરો સામેનાં ખુણામાં લઈ જવો અને બીજો દોરો ત્રીજાં ખુણામાંથી લઈને સાંમે ચોથાં ખુણામાં લઈ જવો; એટલે વચલા ભાગમાં ચારજ તાર હતા તેના આઠ બનશે. હવે દોરામાં ગાંઠ મારીને કોણાંની વચમાં ચોકટી જેવું બન્યું છે તેમાં સોય લઇને ગાંઠ મારો પછી એક તારની ઉપરથી સોય નીચે પોવો, અને તેની પાસેના તારની બીજી બાજુમાંથી ઉપર લેવો. હવે પાછી સોય બીજા તારની જમણી બાજુ આગળથી નીચે ખોસો અને ત્રીજા તારની ડાબી બાજુમાંથી ઉપર કાહાડો. એજ પ્રમાણે જેટલો મોટો કરોળ્યો બનાવવો હોય તેટલો બનાવ્યા જવું. એ પ્રમાણે કીધાથી તારની ઉપર આંટો આવે છે. એ આંટા બરોબર એકસરખા તારની ઉપર ગોઠવવા, નહીં તો સારા લાગશે નહી. એ તરેહમાં દોરો ખેચાઈ નહીં જાય તેની ઘણી સંભાળ રાખવી. એ તરેહ ઉપર આપેલી છે તેમાં જોવાથી વધારે સમજાણ પડશે.



આકૃતિ ૧૧ મી.
બેવડા ગાંઠની તરેહ.

(Two tie Stitch)

આ તરેહ સાંકડી જાળીની કોર બનાવવાને સારૂં ઘણી કામની છે. અને રૂમાલ તથા ડોયલીઓ બનાવવાને સારૂ કામ આવેછે. એ તરેહ કોઈ પોહોળી કોર બનાવવી હોય તો તેની ઉપર તથા નીચે પણ બનાવવામા આવે છે. એ ટાંકો ઘણો સેહેલો છે, તો પણ જરા સંભાળથી બનાવવો પડે છે; કારણકે ગાંઠ બરાબર એક હારમાં સીધા આવવા જોઈએ. નહીંતો એ તરેહ સારી લાગશે નહીં. એ તરેહ બનાવવાને સારૂં આસરે વીશ તાર કપડાંના ખેંચો, કે જેથી આસરે અરધો ઇંચ પોહોળી


જાળી પડશે. એ બીજી તરેહોની માફક જમણી તરફથી માંડવી નહી, પણ ડાબી તરફથી માંડવી; અને ઉપરથી નીચે કરતાં જવું. માટે કપડાંનો ડાબી તરફથી શરૂ કરો અને સોયમાં દોરો પોઈને સોય કીનારીમાં ખોસીને ત્યાં ટાંકો મારીને જાળીના પહેલા તાર આગળ લાવો; પછી જમણી તરફથી આઠ જાળીના તાર સોયપર લઇને દોરો ખેંચો; પછી પાછી બરાબર તેજ જગ્યાએ સોય ખોસીને આઠ તાર સોયપર લઈને પેહેલાં કાહાડી હતી તેજ જગ્યાએથી સોય કાહાડીને દોરો ખેંચો, એટલે આઠ તારનો ઝુમખો થયો. હવે જમણી બાજુએથી પેહેલાં જ્યાં સોય લીધી હતી ત્યાંજ પાછી સોય નીચે લઈને તેના ઉપર આઠ તારનો ઝુમખો બન્યો છે તેમાના ચાર તાર સોયપર લઇને ચોથા તથા પાંચમા તારની વચમાના ગાળામાંથી સોય બાહાર ખેંચો. હવે જાળીમાના જમણી બાજુના તારમાંથી બીજા ચાર તાર તથા ચાર તાર પેહેલા ઝુમખામાંના લીધા હતા તે સર્વે મળીને આઠ તાર સોય પર લઈને દોરો ખેંચો; પછી પાછી સોય તેજ જગ્યામાંથી ખોસીને આઠ તાર સોયપર લઈને ખેંચો; પછી પાછી તેજ જગ્યામાં સોય ખોસીને બીજો આઠ તારનો ઝુમખો બન્યો છે તેમાના ચાર તાર સોયપર લઈને દોરો ખેંચો. હવે જમણી બાજુના તારમાંથી બીજા ચાર તાર તથા ચાર તાર પેહેલાના ઝુમખામાંના લીધા હતા તે બધા

મલીને આઠ તાર સોયપર લઈને સોય બહાર ખેંચો; અને ફરીથી તેજ જગ્યામાં સોય ખોસીને તેજ આઠ તાર પાછા સોયપર લઇને સોય ખેંચો; એજ પ્રમાણે એક ઉપર અને એકે નીચે ગાંઠ બનાવ્યાં જવું. નીચેની કીનારીથી તેમજ ઉપરની કીનારીથી એકસરખા દૂર ગાંઠ બનાવવા, અને સંભાળ રાખવી કે એક હારમાં સીધા ગાંઠ આવે. હવે ઉપર જે તરેહ આપેલી છે તેનાં ખુણામાં જે ખાલી જગ્યા હતી તેમાં પૈડાંની તરેહ બનાવેલી છે તે જો ખુશી પડે તો બનાવવી; નહીં તો જે પસંદ આવે તે બીજી કોઈ તરેહ બનાવવી. પૈડાંની તરેહ બનાવવાની રીત.—

(Wheel Pattern.)

પૈડાંની તરેહ બનાવવાને સારૂં છ દોરાના તાર જોઈએ છે. માટે ખુણામાં દોરા વડે ચોકટી બનાવવી. પહેલાં ખુણામાં સોય લઇને પછી સામેનાં ખુણામાં લઈને દોરો ખેંચવો; એજ પ્રમાણે ત્રીજા તથા ચોથા ખુણામાં એક તાર બનાવવો, અને પછી કીનારીની વચમાંથી લઈને જે ગાંઠની તરેહ બનાવેલી છે તેની વચમાં દોરો લઈને પછી સોય ચોકટીની વચમાં જ્યાં દોરાઓ મળે છે ત્યાં લઈને વચમાં એક ગાંઠ મારવો; પછી જેમ રફુ કરીએ છીએ તે પ્રમાણે એક દોરાની ઉપર અને તેની પાસેના દોરાની નીચે એ પ્રમાણે દોરાઓમાંથી ઉપર નીચે સોય

લેયા જવું. એ પ્રમાણે ગોળને ગોળ બનાંવ્યાં જવું; પણ એટલું ધ્યાન રાખવું કે એક વખત જે દોરાની ઉપરથી સોય લીધી હોય તો બીજી હાર વખતે તે દોરાની નીચેથી સોય લેવી. તેની તેજ જગ્યા માં સોય આવ્યા કરશે તો પૈડાંની તરેહ બનશે નહીં. જો સાત તાર બનાવવાનું બની શકે તો વધારે સારૂં, કે પૈડાંની તરેહ બનાવતાં મુશકેલી પડશે નહીં. પણ છ તારપર બનાવો ત્યારે તો જયારે એક હાર પુરી થાય અને બીજી ગોળ હાર કરવાની શરૂ કરો ત્યારે બે દોરા સાથે સોયપર લેવા પડશે, કે જેમ કરવાથી જે તારની નીચે દોરો આવ્યો હશે તે તારની ઉપર બીજી હારે દોરો આવશે. એટલું ધ્યાન રાખવું કે જેમ રફુ કરવામાં એક હારે એક તાર અને બીજી વખતે બીજો તાર લઈએ છીએ તે પ્રમાણે આવવું જોઇએ.



આકૃતિ ૧૨ મી.
ચોકટીની તથા કોપરા પાકના ઘાટની તરેહ.

(Square & Diamond Pattern)


આ તરેહ ઘણી દેખાવડી છે, અને બનાવવાની પણ સેહેળ છે; એને અંગ્રેજીમાં (All over Pattern) કહેછે. એ તરેહ આખાં કપડાંપર પણ બની શકે છે. એ તરેહવડે ડાયેલી અથવા તકયાના કવર વગેરે બની શકે છે. એ તરેહ જો ઝીણી મજલીન ઉપર બનાવી હોય અને બલુ કે ગુલાબી રંગના રેસમી કપડાંનો તકયો બનાવીને તેનાપર એ તરેહનો ગલેફ ચહડાવ્યો હોય તો ઘણો સુંદર લાગે છે, અને વળી જયારે જોઈએ ત્યારે પાછો ગલેફ

કાહાડીને ધોવાડી શકાય છે. એ તરેહ કીનારી બનાવવાને સારૂં પણ કામ આવે છે અને જેટલી પોહોળી જોઈએ એટલી પોહોળી બનાવી શકાય છે. એ તરેહ બનાવવાને સારૂં નીચે પ્રમાણે જાળી બનાવવી. એ તરેહ અત્યાર સુધીમાં પેહેલીજ છે કે જેમાં આડા તથા ઉભા બેહુ તાર ખેંચવાના છે. હવે બાર તાર કપડાંના ખેંચો, અને બાર તાર કપડાંના ગણીને છોડો અને પાછા બીજા બાર તાર ખેંચી કાહાડો, અને પાછા કપડાંના બાર રેહેવા દેવો, એવી રીતે જેટલી પોહોળી તરેહ બનાવવી હોય તેટલી પોહોળી જાળી આડા તાર ખેંચીને બનાવો. હવે એજ પ્રમાણે ઉભા તાર પણ ગણીને ખેંચો. બાર તાર ખેંચી કાહાડો તથા બાર તાર કપડાંના રેહેવા દેવો; વળી પાછા બાર તાર ખેંચોને બાર તાર કપડાંના રેહેવા દેવો; એ પ્રમાણે છેડે સુધી કાહાડયા જાવો. એ ઉભા તાર ખેંચવાને સારૂં પેહેલાં ઉપરના બાર બાર તાર ગણીને કાપી જવા અને એજ પ્રમાણે નીચેના પણ ગણીને કાપી જવા. પછી જેમ કેનવસના તાર ખેંચી કાહાડીએ છીએ તે પ્રમાણે ખેંચી કાહાડવા; જેમ કરવાથી સેહેલાઈથી તાર ખેંચી શકાશે. તારો સંભાળથી ખેંચવા કે બીજા તારો પોતાની જગ્યાએથી ખસવા પામે નહીં. હવે એ પ્રમાણે તારો ખેંચ્યાથી એક કપડાંની ચોકટી તથા એક ખુલ્લી ચોકટી એમ બનશે. હવે એ કપડાંની

ચોકટી છે તેના ઉપર નમુનામાં સાંકળીને નાંકે એકકી ફુળકી બનાવી છે; તે જો ખુશીમાં આવે તો બનાવવી, નહી તો ચોકટી ખાલી રેહેવા દેવી; અથવા ખુશીમાં આવે તો કોઇ બીજી જાતનો ટાંકો બનાવવો. હવે પેહેલી હાર બનાવવાની શરૂ કરો. પેહેલાં સોયમાં દોરો પોવો; એ તરેહ બનાવવાને સારૂં કપડાં કરતાં દોરો જરા જાડો લેવો કે જેથી તરેહ વધારે ખુલ્લી દેખાય છે. હવે જો ચોકટીપર ફુલકીની તરેહ બનાવવી હોય તો કપડાંની જમણી બાજુથી શરૂ કરો, અને પેહેલી ચોકટીની વચમાંથી ઉપર સોય કાહાડો. હવે ચોકટીની વચમાં પાછી નીચે સોય ખોસો, અને ચોકટીના નીચેના એક ખુણામાંથી ઉપર સોય કાહાડો, અને સોયપર દોરાનો આંટો લઇને દોરો ખેંચો, એટલે એક સાંકળીનો ટાંકો થશે; પછી એ ટાંકો બેસાડવાને સારૂં ઉપર અણીપર એક ટાંકો મારીને ટાંકાને બેસાડો; એજ પ્રમાણે પાછી સોય વચમાંથી નીચે લઇને બીજા નીચેનાં ખુણાનાં ખોસીને બીજો સાંકળીનો ટાંકો બનાવીને બેસાડો. સાંકળીનો ટાંકો ખેંચવો નહીં પણ ઢીલો રાખવો, એટલે લાંબો ટાંકો બનશે. એ પ્રમાણે ચારો ખુણામાં ચાર સાંકળીના ટાંકા બનાવવા. પછી ચોકટીની પાસે જમણા હાથપર જાળીના તાર છે તેના છઠા અને સાતમા તારની વચમાં સોય ખોસીને ઉપર કાહાડો; હવે જે ખાલી ગાળો છે તે તરફના છ તાર સોયપર

લઈને તેનાપર આંટો લઈને એ તારો પર એક ગાંઠ મારીને ઝુમખો બનાવો; પછી તેની ડાબી બાજુના જાળીના બાર તારો છે તેમાંથી છઠા તથા સાતમા તારની વચમાં સોય લઇને છ તાર સોયપર લઇને ખાલી ગાળો છે તેમાંથી સોય ઉપર ખેંચો; પણ જે દોરો પેહેલા ઝુમખા આગળથી આવેલો છે તે દોરાની જમણી બાજુ એ સોય કાહાડવી, એટલે દોરામાં આંટો આવશે અને છ તારનો ઝુમખો બનશે. પછી હવે ઉપરના બાર તાર છે તેમાંથી છઠા તથા સાતમા તારની વચમાં સોય ખોસવી અને છ તાર સોયપર લઈને ખાલી ગાળામાં દોરાની ડાબી બાજુથી સોય કાહાડવી, કે દોરામાં આંટો આવે; હવે એજ પ્રમાણે ચોથી બાજુની જાળીના બાર તાર છે તેમાના છઠા તથા સાતમા તારની વચમાંથી સોય ખોસીને છ તાર સોયપર લઇને દોરાની ઉપરથી સોય ખેંચવી, કે આંટો આવીને ચોથો ઝુમખો બનશે; હવે પેહેલા ઝુમખાની વચમાના ગાંઠમા સોય નીચે ખોસવી અને પાસેની બીજી ચોકટીની વચમાં બાહાર કાહાઢવી, અને ચોકટીપર ફુલકી બનાવવાની રીત લખેલી છે તે પ્રમાણે ચાર સાંકળીના ટાંકાઓની ફુલકી બનાવવી; અને જેમ છ છ તાર લઈને ઝુમખાઓ બનાવવા લખેલું છે તે પ્રમાણે છેડે સુધી બનાવ્યાં જવું. એક હાર પુરી થયા પછી બીજી હાર શરૂ કરવી. હવે બીજી હારની પેહેલી

ચોકટીમાં ઉપર લખ્યા પ્રમાણે સાંકળીનાં ટાંકાની ફુલકી બનાવો; પછી તેના ઉપર જે જાળીના બાર તાર હતા તેમાના છ તારનો ઝુમખો પેહેલી હારમાં બનાવ્યો છે અને બાકી છ તાર રેહેલા છે તેના ગાળામાં સોય લેવો અને છ તારની ઉપર આંટો લઈને ગાંઠ મારો; એટલે પેહેલો ઝુમખો બનશે; પછી તેની ડાબી બાજુના છ તાર સોયપર લઈને ગાળામાં દોરાની પછાડીથી સોય ઉપર કાહાડો. પછી પેહેલા ઝુમખાની ઉપરના બાર તાર છે તેમાંથી છ તાર સોયપર લઇને ખાલી ગાળામાં દોરાની પછાડીથી સોય ઉપર કાહાડો એટલે ત્રીજો ઝુમખો બનશે; અને હવે પેહેલા ઝુમખાની જમણી બાજુના બાર તાર જે તેમાંથી છઠા તથા સાતમા તારની વચમાં સોય નીચે ખોસીને છ તાર સોયપર લઈને દોરાની જમણી બાજુથી ખાલી ગાળામાંથી સોય ઉપર ખેંચો; એટલે ચોથો ઝુમખો બનશે; પછી પેહેલા ઝુમખાની વચમાનાં ગાંઠમાથી નીચે સોય ખોસો અને બીજી ચોકટીની વચમાં બાહાર કાહડો, અને સાંકળીના ટાંકાની ફુલકી ઉપર લખ્યા પ્રમાણે બનાવો અને પેહેલાંની માફકજ આંટા લઈને ઝુમખા બનાવ્યાં જાવો. એ પ્રમાણે દરેક હાર બનાવવી. સંભાળ રાખવી કે જે દોરા વડે આંટા મારોછો તે ખેંચાય નહીં; નહીં તો જાળીઓ સંકોચાઈ જશે તો કામ બનાવેલું સારૂં લાગશે નહીં. એ તરેહ જો ઝીણાં કપડાંપર અને ઝીણા દોરાવડે બનાવી હોય તો લેશના જેવી લાગે છે.




આકૃતિ. ૧૩ મી.
ખુલ્લાં ખાનાંની તરેહ.

(Open Square Pattern.)

ઉપર આપેલી તરેહ જોવામાં ઘણી ખુબસુરત લાગે છે અને બનાવવાની પણ સેહેલ છે. પણ ઝાઝી ટકાઉ નથી; માટે એવાં કારણ સારૂં બનાવવી કે વારંવાર ધોવાડવું નહીં પડે. એ તરેહ ઝીણા મજલીનનાં કપડાંપર ઝીણા દોરા વડે બનાવી હોય છે અને રંગીન રેસમપર ટાંકી હોય છે તો ઘણી સારી લાગે છે; અને કપડાંપર ટાંકવાને લીધે વધારે ટકી પણ શકે છે. એ તરેહની ડોયલી તથા ટેબલની વચમાં બીછાવવાનો કટકો જેને અંગ્રેજીમાં (Centre Piece) કહે છે તે તથા તકયા (Cuspion) નું કવર બનાવવામાં કામ આવે છે. એ તરેહમાં કપડાં

ના તાર ઘણા ખેંચવાના છે. એ તરેહ બનાવતી વખતે સંભાળ રાખવી કે કપડાંના તાર જગ્યાપરથી ખસી જાય નહીં. હવે નીચે પ્રમાણે તાર ખેંચીને જાળી બનાવો. કપડામાં સીનારીને સારૂં આસપાસ થોડું કપડું રેહેવા દેવું; કપડામાંથી આડા પંદર તાર ખેંચો; પછી પાંચ તાર કપડાંના છોડીને પાછા પંદર તાર ખેંચો; પછી પાછા પાંચ તાર કપડાંનાં છોડીને પંદર તાર ખેંચી કાહાડો. એ પ્રમાણે જેટલી પોહોળી કોર બનાવવી હોય તેટલી જાળી કરવી; અને જો આખાં કપડાંપર એ તરેહ બનાવવી હોય તો કપડાંના છેડા સુધી એ પ્રમાણે તાર ખેંચ્યાં જવું. એ આડા તાર ખેંચી રહ્યા પછી ઉભા તાર ખેંચવા માંડો. તે પણ ઉપર લખ્યા પ્રમાણે પંદર તાર ખેંચો, અને પાંચ તાર કપડાંના છોડો; એ પ્રમાણે તાર ખેંચ્યાં જાવો; કે જેમ કર્યાથી મોટા ખુલ્લાં ખાનાંઓ પડશે. એ પ્રમાણે તાર ખેંચીને જાળી બનાવ્યા પછી નીચે પ્રમાણે દોરાવડે કામ બનાવવા માંડો. એ તરેહમાં દોરો એક ખુણામાંથી બીજાં ખુણામાં આડો લઇ જવાનો છે, માટે કપડાંના પેહેલા ચોકટાંના એક ખુણામાંથી શરૂ કરો, અને કપડાંની જે નાની ચોકટી પડી છે તેનાપર જેમ કેનવાસમાં બેવડો ટાંકો લઈએ છીએ તેવો બેવડો ટાંકો તે ચોકટીપર બનાવવો; એ ચોકટી ઘણી નાની છે એટલે ચોકટીની બાહારથી એક ખુણામાંથી ટાંકો લેવો અને બીજાં સામેનાં

ખુણામાં નીચે સોય લઇને પાછી બીજા ખુણામાં ઉપર કાહાડવી; અને તેની સાંમેના ખુણાંમા નીચે કાહાડીને ચોકટીનાં કપડાંમાં પાછી ઉપર સોય ખોસીને ખેંચવી. જો ખુશીમાં આવે તો એ ચોકટીની ઉપર નાની પૈડાંની તરેહ અથવા કરોલ્યાની તરેહ બનાવવી. એ બનાવ્યા પછી ચોકટીનાં કપડાંમાંથી ઉપર સોય કાહાડવી અને તેની સાંમેના ખુણાંમાં આરપાર દોરો લઇને સાંમેની ચોકટીમાં સોય ખોસીને ખેંચવી; પછી પેહેલી ચોકટીપર જે તરેહ બનાવી હોય તેજ તરેહ એ ચોકટીપર બનાવવી; અને જો કોઇ તરેહ નહીં બનાવવી હોય તો ખાલી ચોકટીમાં સોય ઉપર લઈને પાછી તેની સાંમેની ચોકટીનાં ખુણામાં આરપાર દોરો લઈને ત્યાં સોય ખોસવી. એ પ્રમાણે હારને છેડે સુધી દોરો લેયા જાવો. એજ પ્રમાણે બીજી હારો પણ આડકત્રી બનાવ્યાં જાવો. એક બાજુ પુરી થયા પછી કપડાંની સાંમી બાજુએથી પાછું શરૂ કરો; એ બીજી બાજુથી શરૂ કરો તો ખુલ્લાં ખાનાં ઓછે તેમાં આડો દોરો હશે તેપર વચમાં એક એક ગાંઠ મારતાં જવું કે દોરો ખસી જાય નહીં, અને પોતાની જગ્યાપર રહે. સંભાળ રાખવી કે દોરાપર ગાંઠ મારો ત્યારે દોરો ખેંચાઇ જાય નહીં, તેમજ ઘણો ઢીલો પણ રહે નહીં. ગાંઠ બરોબર ખાણાની વચમાં રેહેવો જોઇએ. એ પ્રમાણે બનાવ્યાથી ખુલ્લાં ખાણાંઓની વચમાં દોરાની ચોકટી પડશે. એ તરેહ ઉપર આપેલી છે તે જોવાથી તુરત સમજ પડશે કે કેમ બનાવવી.




આકૃતિ ૧૪ મી.
જાળીની તથા વળની તરેહ.

(Trellis stitch & Cross stitch)

આ તરેહ ચાદરની કોર તથા ટેબલ કલોથની કોર વગેરે બનાવવામાં કામ આવેછે. આ આકૃતિમાં ઉપર તથા નીચે જાળીની તરેહ (Trellis pattern) બનાવેલી છે અને વચમાં વળની તરેહ છે. બે ઝુમખાના તથા ચાર ઝુમખાના વળની તરેહ તો પેહેલાં આવી ગઈ છે. આ તરેહ ત્રણ ઝુમખાથી બને છે. અને વળી ચાર ચાર તાર પર સાંકળીનો ટાંકો બનાવેલો છે; એ તરેહ બનાવવાને સારૂં નીચે પ્રમાણે તાર ખેંચીને જાળી બનાવો:— કપડાંમાં કોર વાલવાને સારૂં કીનારી રેહેવા દઇને પંદર

તાર ખેંચો; પછી કપડાંના આઠ તાર છોડીને વચલી પોહોળી તરેહને સારૂં આસરે પાંત્રીસ તાર ખેંચો; અને આઠ તાર કપડાંના છોડીને બીજા પંદર તાર ખેંચો; એટલે બે નાની તથા એક મોટી જાળી પડશે અને કપડાંની બે પટ્ટી બનશે; હવે ઉપર તથા નીચેની જાળીમાં આકૃતિ ૩. માં લખ્યા પ્રમાણે વેળદાર ઓટણની તરેહ (Trellis Hem-Stitch) બનાવી જાવો. હવે વચલી જાળીમાં નીચે લખ્યા પ્રમાણે તરેહ બનાવો. સોયમાં જેવું જાડું અથવા ઝીણું કપડું હોય તે પ્રમાણેનો દોરો પોવો અને જાળીની તરેહની ઉપર કપડાંની સાંકડી પટ્ટી છે તેના છેડાપર સોય ખોસો, અને દોરો ઉપર ખેંચો; હવે ચાર તાર સોય ઉપર લઈને તેનાપર સાંકળીનો ટાંકો બનાવો કે જે ટાંકો બટનના હોલ (hole) બનાવવામાં કામ આવે છે; અને જે પ્રમાણે બટન હોલ (hole) મઢીએ છીએ તેજ પ્રમાણે એ ચાર જાળીનાં તાર પર આસરે બાર ટાંકા મઢી લેવો, અને ઉપરની કપડાંની પટ્ટી છે તેમાં સોય ઉપર કાહાડો. એવીજ રીતે પાછા બીજા ચાર જાળીના તાર સોયપર લઈને પાછા પેહેલાના ઝુમખાની માફકજ એનાપર પણ બાર સાંકળીના ટાંકા બનાવો. એ રીતે હારના છેડા સુધી ચાર ચાર તારના ઝુમખા બનાવ્યાં જવું. એ હાર પુરી થયા પછી ઝુમખામાં વળ બનાવવા માંડો. સોયમાં જરા વધારે જાડો દોરો

પોવો અને બનતાં સુધી હારને છેડે સુધી પુરો પડે તેટલો લાંબો દોરો પોવો; કે જેમ કરવાથી વચમાં દોરામાં ગાંઠ મારવો પડે નહીં. હવે પેહેલા ઝુમખામાં ગાંઠ મારો અને ત્રીજા અને ચોથા ઝુમખાની વચમાં નીચે સોય ખોસો અને ત્રીજો ઝુમખો સોયપર લઇને સોયની અણી બીજા અને ત્રીજા ઝુમખાની વચમાંના ગાળામાં ઉપર કાઢો, અને બીજા તથા પેહેલા ઝુમખાની ઉપરથી સોય લઇને સોય પેહેલા ઝુમખાની બાહારની તરફથી નીચે લઈને ઝુમખાઓમાં આંટો લઈને ઝુમખાની વચમાં ગાળો પડશે તેમાંથી સોય બાહાર કાઢો, અને બીજો ઝુમખો સોયપર લઈને તેમાંથી દોરો ખેંચો. ઝુમખામાં વળ દેવાથી વચમાં ગાળો પડશે તે ગાળામાંથી બીજો ઝુમખો સોયપર લઇને દોરો તેમાંથી બાહાર કાઢવો. એજ રીતે બીજા ત્રણ ઝુમખામાં પણ વળ લેવો અને છેડે સુધી એ પ્રમાણે બનાવ્યાં જવું. જો વળ દીધા પછી વચલા ગાળામાંથી બીજા ઝુમખાઓને સોયપર લેતાં મુશકેલી પડે તો ઝુમખાઓને વળ ખવાડયા પછી ડાબા હાથના અંગોઠા વડે વચલો ગાળો છુટો પાડવો, અને પછી બીજો ઝુમખો સોયપર લઈને દોરો ખેંચવો એટલે મુશકેળ પડશે નહીં.



આકૃતિ ૧૫ મી.

રફુના ટાંકાએ બનાવેલી ચોકટીની તરેહ.


(Lozenge pattern in Darning Stitch.)

આ ઉપર આપેલી તરેહ ઘણી રૂપાળી છે અને સેહેલાઇથી બનેછે. પણ બનાવતાં વખત વધારે લાગે છે. એ તરેહ ટકાઉ છે, એટલે ધોવાઇ પણ શકાય છે; અને બગડતી નથી. એ તરેહ ઘણી ચીજો બનાવવામાં કામ આવે છે. ટેબલનું કવર અથવા ચાદરની કોર વગેરે ઘણી ચીજો બની શકે છે. એ તરેહ બનાવવા કપડાંની કોર વાળવાને સારૂં કીનારીનું કપડું રાખીને ચાલીસ તાર ખેંચીને પોહોળી જાળી બનાવો; પછી હવે

ઉભા તાર ખેંચવાના છે તે નીચે પ્રમાણે કહાડો; એ ઉભા તાર એ તરેહમાં ખેંચવાની જરૂરત નથી, પણ કાપવાથી તુરત છુટા પડી જશે, માટે પેહેળા બાર તાર રેહેવા દેવો અને તેની પાસેના છ તાર ઉપર તથા નીચેથી કાપી કાહાડો; વળી બાર તાર ગણીને છોડી દેવો ને છ તાર કાપી કાહાડો, એમ છેડે સુધી કાપ્યાં જાવો, એટલે બાર તારોની વચમાં એક ગાળો પડશે. એ બાર તાર જે રહેલા છે તેના ઉપર ચોકટીની તરેહ બનશે. તાર એવી રીતે ગણીને કાપવા કે હારને છેડે ખુણામાં છેલ્લે બાર તાર રહે. હવે નીચે પ્રમાણે તરેહ બનાવવાની શરૂ કરોઃ—જરા જાડો દોરો સોયમાં પોવો અને કપડાંની કોર રાખેલી છે તેમાં કપડાંની જમણી તરફથી સોય ઉપર ખોસો અને દોરો ખેચો. હવે જાળીના પેહેલા બાર તાર છે તેનાં પર નીચે અરધી ચોકટી છે તે બનાવવા માંડો. એ ચોકટી રફુના ટાંકાએ બનાવવાની છે. પેહેલા ચાર તારની અંદરથી સોય લેવો અને ચોથા ને પાંચમા તારની વચમાં ઉપર કાહાડો; પછી બીજા ચાર તાર નીચે રાખીને તેની ઉપરથી આઠમા તથા નવમા તારની વચમાંની જગ્યામાં નીચે સોય ખોસો, અને બાર તારમાના છેલ્લા ચાર તાર સોયપર લઈને ગાળામાં નીચેથી સોય બાહાર કાહાડીને ઉપર દોરો ખેંચો, એટલે એક હાર થઈ; હવે બીજી હાર બનાવવાને સારૂં પાછા જાવો; છેલ્લા ચાર તારની ઉપ-

રથી સોય આઠમા તથા નવમા તારની વચમાં નીચે ખોસો, અને વચલા ચાર તાર સોયપર લઇને પાંચમા તથા ચોથા તારની વચમાંના ગાળામાં નીચે ખોસો, અને પહેલા તાર આગળ છેલ્લા ચાર તાર સોયપર લઈને સોય બાહાર કાહાડીને દોરો ખેંચો. એ પ્રમાણે ચાર તારોપર રફુ કરયાં જાવો. પેહેલે બાર તારોપર ચાર હાર રફુની કરો, પછી વચલા ચાર તાર છે તેના બે ભાગ કરીને બબે તારોપર ચાર હાર કરો, એટલે નીચે પોહોળી અને ઉપર સાંકડી તરેહ બનશે. એ ચાર હાર બની રહે પછી તરેહમાંથી નીચે સોય ખોસીને કીનારીપર કાહાડો, અને છ તારો કાપીને બાર તારોની વચમાં ગાળો બનાવેલો છે તે ગાળાની કોરપર સાંકળીના ટાંકાએ ત્રણ યા ચાર ટાંકા બનાવો કે કીનારીને મજબુતાઈ આવે. હવે એ ત્રણ સાંકળીના ટાંકા બનાવ્યાથી તમારી સોય તથા દોરો બીજા બાર તાર છે તેની પાસે આવશે; એટલે જે પ્રમાણે પેહેલા બાર તારોપર નીચે અરધી ચોકટી બનાવેલી છે તેમ બીજા બાર તારોપર પણ રફુના ટાંકા એ અરધી ચોકટી બનાવો, અને એવીજ રીતે હાર ને છેડે સુધી બનાવ્યાં જાવો. હવે જેમ નીચેની અરધી ચોકટીઓની હાર બનાવી છે તેમજ ઉપર પણ અરધી ચોકટીઓની હાર બનાવી જાવો. એ બેહુ હારો બનાવી રહયા પછી વચલી આખી ચોકટીની હાર બનાવવા

માડો. હવે પેહેલા બાર તાર છે તેમાના છેલ્લા બે તાર તથા બીજા બાર તારના ઝુમખામાના પેહેલા બે તાર એ ચાર તારપર બબે તાર સાથે લઇને ચાર રફુની હાર બનાવો. અરધી ચોકટીઓની ટોચ આગળથી વચલી ચોકટી બનાવવાની શરૂ કરવી અને ઉપલી અરધી ચોકટીની ટોચ સુધી બનાવવી. હવે ઉપર લખ્યા પ્રમાણે ચાર તારોપર ચાર રફુની હાર બનાવ્યા પછી બેહુ ઝુમખામાંથી બીજા બેબે તાર લઇને ચાર રફુની હાર બનાવો; અને એ ચાર હાર પુરી થયા પછી બીજા બબે તારો બેહુ ઝુમખાઓમાંથી (એટલે અરધી ચોકટીઓ છે તેની વચમાના ચાર તાર છે તેમાના બે તાર) લઇને એ બાર તારોપર ચાર રફુની હાર બનાવો; એ બાર તારોપર બનાવેલો ભાગ સૌથી પોહોળો બનશે, એ વચલો ભાગ છે. હવે ચોકટી ઉપરથી સાંકડી થતી જાય છે, માટે હવે બેહુ તરફના બેબે તારો છોડીને વચમાના આઠ તારોની ઉપર ચાર હાર રફુની બનાવો અને પછી બીજા બેબે તારો બેહુ છેડેના છોડીને ફકત વચલા ચાર તારપર ચાર હારો રફુની બનાવો, એટલે ચોકટી પુરી થઈ. હવે સોય નીચે લઇને ચોકટીની પછાડી ટાંકો મારીને દોરો કાપી નાખો. એજ પ્રમાણે વચમાની ચોકટી છેડે સુધી બનાવ્યાં જાવો. રફુનો ટાંકો ઘણી સફાઈથી બનાવવો ને પાસે લેવો; દૂર દૂર હશે તો સારો લાગશે નહીં.



આકૃતિ ૧૬ મી.
રફુના ટાંકાએ બનાવેલી જાળીની તરેહ.


(Lattice Work in Darning Stitch.)

આ તરેહ આકૃતિ ૧૫ માં આપી છે તેનીજ માફક રફુના ટાંકા એ બનાવવાની છે. એ તરેહ સેહેલી છે તથા મજબુત છે અને વળી ખુબસુરત લાગે છે. એ તરેહ વડે કુશનનું કવર અથવા ટેબલના કવરની કોર વગેરે બની શકે છે. એ તરેહમાં આડા તથા ઉભા બેહુ તારો ખેંચવાના છે. હવે નીચે પ્રમાણે તારો ખેંચીને જાળી બનાવો:—કોર વાલવાને સારૂં કપડાંની કીનારી રાખીને

પેહેલાં આઠ આડા કપડાંના તાર ખેંચો, પછી આઠ તાર કપડાંના છોડી દેવો અને બીજા આઠ તાર ખેંચો; એ પ્રમાણે જેટલી હારો બનાવવી હોય તેટલી બનાવવી. એવી રીતે આડા તાર ખેંચ્યા પછી ઉભા તાર નીચે લખ્યા પ્રમાણે કાપી કાહાડોઃ—આઠ તાર છોડીને બીજા આઠ તાર ઉપર તથા નીચેથી કાપી કાહાડો; પછી પાછા આઠ તાર રેહવા દઇને તેની પાસેના આઠ તાર કાપી કાહાડો; એમ છેડે સુધી તારો કાપી જાવો. હવે સોયમાં જાડો દોરો પોવો, અને રફુનો ટાંકો બનાવવાનો શરૂ કરો.

કપડાંની જમણી બાજુથી શરૂ કરો. હવે કપડાંની કીનારીમાંથી સોય ઉપર ખેંચો, અને પેહેલા આઠ તાર છે તેના ઉપર ચાર ચાર તાર લઈને એક ઉપર અને એક નીચે એમ ચાર રફુના ટાંકા બનાવો; પછી પાંચમો ટાંકો બનાવવા પહેલાં સોયમાના દોરામાં છેક નીચે એક સાદો ગાંઠ મારો, અને પછી જેમ રફુ કરો છો તેમ સાંમી બાજુ ટાંકો લેવો, અને ત્યાં પણ પાંચમો ટાંકો લેવો ત્યારે દોરામાં ગાંઠ મારો, અને પેહેલાંની માફક રફુ કરવાનું શરૂ કરો અને ચાર રફુનાં ટાંકા બનાવો. બેહુ તરફનો ગાંઠનો ટાંકો વચમાં આવવો જોઇએ. ગાંઠ ઘણો સીકડાવી નાખવો નહીં, પણ ઢીલો રેહેવા દેવો અને ડાબા હાથના અંગુઠા વડે બરાબર દાબીને બેસાડવો. એજ પ્રમાણે એની પાસેના આઠ તારો પર પણ

બધા મળીને નવ રફુના ટાંકાની હાર બનાવવી. ગાંઠ બરોબર જાળીના તારોની બાહારની તરફ રહે તેની સંભાળ રાખવી. ખેંચાઈ જાય નહીં અથવા દોરાની ઉપર ગાંઠ આવે નહીં, પણ બરોબર દોરાની જડમાંજ ગાંઠ આવવો જોઈએ. એ પ્રમાંણે દર આઠ તારો પર રફુનો ટાંકો બનાવી જાવો; અને કીનારીનાં કપડાં પર દરેક ગાળામાં ચાર અથવા પાંચ સાંકળીના ટાંકા બનાવવા કે કીનારીને મજબુતાઈ આવે અને દોરા નીકળે નહીં. એ તરેહ ઉપર આપેલી છે તે જોવાથી પુરતી સમજ પડશે.




આકૃતિ ૧૭ મી.
બીજી જાતની વેળદાર તરેહ.

(Another Kind of Lattice Work.)

આ ઉપર આપેલી તરેહમાં ઉપરની તથા નીચેની હારો આકૃતિ ૩ માં આપેલી છે તેવી બનાવવાની છે. પણ વચલી બે હારો જુદી રીતે બને છે. એ તરેહ બનાવવાને સારૂં નીચે પ્રમાણે જાળી બનાવો:-કપડાંની જમણી તરફથી શરૂ કરો અને કીનારીને સારૂં કપડું જોઇએ એટલું રાખીને કપડાંમાંથી આડા દશ તાર ખેંચો, પછી કપડાંના ત્રણ તાર છોડી દેવો એટલે કપડાંની સાંકડી પટી પડશે અને પાછા દશ તાર ખેંચો; પાછા કપડાંના ત્રણ તાર છોડી દેવો અને દશ તાર ખેંચો, અને ત્યાર પછી પાછા ત્રણ તાર કપડાંના છોડીને દશ

તાર ખેંચી કાહાડો. એ પ્રમાણે તારો ખેંચવાથી ચાર જાળીની હાર અને ત્રણ કપડાંની પટી બનશે. જો વધારે પોહોળી તરેહ બનાવવી હોય તો તે પ્રમાણે વધારે હારો બનાવવી. એ જાળી બનાવી રહયા પછી હવે ઉપરની તથા નીચેની બેહુ કીનારીપર આકૃતિ ૧ માં બતાવ્યા પ્રમાણે સાદી ઓટણનો ટાંકો બનાવી જાવો. પણ સોયપર આઠ આઠ તાર લઈને બનાવવો, એટલે આઠ આઠ તારના ઝુમખા બનશે. એ પ્રમાણે ઉપર તથા નીચેની બેહુ કીનારીઓ પર સાદી ઓટણનો ટાંકો આઠ આઠ તાર લઈને બનાવી રહયા પછી બીજી હાર બનાવવાની શરૂ કરો. તથા પેહેલી હારની ઉપરની કોર તથા બીજી હારની નીચેની કોર સાથે એકજ વખતે બનાવવાની છે, માટે પેહેલી તથા બીજી હારની વચમાં કપડાંની પટી છે તેમાં છેડેથી સોય ઉપર લેવો; હવે પેહેલી હારના ચોથા તથા પાંચમા તારનો વચમાની જગ્યામાં નીચે સોય ખોસો, અને બીજી હારના પેહેલા તારની બાહારની બાજુએ સોય ઉપર કાહાડીને દોરો ખેંચો. પછી બીજી હારના આઠમા તથા નવમા તારની વચમાંની જગ્યામાં સોય નીચે ખોસો અને પાછી પેહેલી હારના ચોથા તથા પાંચમા તારની વચમાં જયાં પેહેલાં સોય ખોસી હતી ત્યાંજ તેજ ગાળામાં ઉપર સોય કાહાડીને દોરો ખેંચો, એટલે બીજી હારમાં આઠ તારનો ઝુમખો બનશે. હવે પેહેલી હારના પેહેલા ઝુમખામાના બાકી રહેલા

ચાર તાર તથા બીજા ઝુમખામાના પેહેલા ચાર તાર સાથે લઈને બીજા ઝુમખાના ચોથા તથા પાંચમા તારની વચમાની જગ્યામાં સોય નીચે ખોસો, અને બીજી હારના આઠમા તથા નવમા તારની વચમાં ગાળો પડયો છે ત્યાં સોય ઉપર કાહાડીને દોરો ખેંચો. હવે પાછા બીજી હારના બીજા આઠમા તારની પાસેથી સોય નીચે ખોસો, અને પેહેલી હારનો આઠ તારનો ઝુમખો બન્યો છે તેની પાસેના ગાળામાંથી ઉપર કાહાડો. એ પ્રમાણે ઉપર તથા નીચે આઠ આઠ તારમાં સાદા ઓટણનો ટાંકો બનાવ્યાં જાવો કે જેથી પેહેલી હારમાં વેળ બનશે, અને બીજી હારમાં આઠ આઠ તારના ઝુમખા બનશે. હવે વચલી કપડાંની પટી છે તેપર બે તાર બીજી હારના તથા બે તાર ત્રીજી હારના એ પ્રમાણે બે બે તારો લઇને સાદી ઓટણ બનાવી જાવો. ઓટણનો ગાંઠનો ટાંકો બનાવવો નહીં, પણ સાધારણ રીતે જેમ ચાદર કે બીજાં કપડાંની કોર ઓટીએ છીએ તે પ્રમાણે ઓટી જાવો; પણ એટલું ધ્યાનમાં રાખવું કે બે બે તારજ લેવા; નહીં તો ઓટણ એક સરખી આવશે નહીં. હવે ત્રીજી હારની ઉપરની કોર તથા ચોઠી હારની નીચેની કોર જેમ પેહેલી તથા બીજી હારની કોર બનાવવા લખ્યું છે તે પ્રમાણે આઠ આઠ તારમાં ટાંકો લઈને ઝુમખા બનાવવા. એ તરેહ ઉપર આપેલી છે અને તે જોવાથી વધારે સમજ પડશે. એ તરેહ ઘણી સહેલ છે અને જલદી બને છે.



આકૃતિ ૧૮ મી.


એક ખુબસુરત ચોકટીની તરેહ.

(Pretty Star Pattern.)

આ તરેહ બનાવવાની ઘણી સેહેલ છે અને ઘણી મજબુત પણ બને છે. એ તરેહ વડે ઘણી ચીજો બનાવી શકાય છે, જેવી કે ડાયેલીઓ અથવા ટી કોઝીનું કવર તથા ટેબલ કવરની કોરો વગેરે બની શકે છે. એ તરેહ બનાવવાને સારૂં આડા તથા ઉભા બેહુ તારો ખેંચીને જાળી બનાવવાની છે. હવે કપડાંની કોર વાળવાને સારૂં ફીનારીનું કપડું રાખીને છ આડા તાર ખેંચો; પછી બાર તાર કપડાંના છોડીને પાછા છ તાર ખેંચો; એ

પ્રમાણે જેટલી પોહોળી જાળી બનાવવી હોય તેટલી હારો ઉપર લખ્યા પ્રમાણે છ તાર ખેંચીને અને બાર તાર કપડાંના રહેવા દઈને પાછા છ તાર ખેંચવા. એ પ્રમાણે બનાવ્યાં જવું. એ આડા તાર ખેંચવાના પુરા થાય પછી ઉભા તારો ખેંચવા માંડવા. એમાં પણ પેહેલા છ તાર ઉપર તથા નીચેથી કાપી કાહાડો અને બાર તાર છોડી દેવો; વળી બીજા છ તાર કાપી કાહાડો અને બાર તાર છોડીને બીજા છ તાર કાપો. એ પ્રમાણે છેડે સુધી કાપ્યાં જાવો. એટલે કપડાંની ચોકટી પડશે, અને તેની આસપાસ બાર બાર તાર રેહેશે. તારો ખેંચી રહયા પછી કપડાંની ચારો બાજુની કીનારી પર ગાળાઓમાં ખાલી જગ્યા છે તેમાં સાંકળીનો ટાંકો (Button–hole stitch) બનાવી જાવો કે કીનારીને મજબુતાઈ આવે. હવે ચોકટીપર નીચે પ્રમાણે ટાંકો ભરવા માંડો:—એક છેડેથી શરૂ કરો. પેહેલી એક ચોકટીમાં વચમાં સોય ખોસો અને ઉપર ખેંચો. અને પેહેલી હારના બાર તાર છે તેમાંથી બીજા અને ત્રીજા તારની વચમાં સોય નીચે ખોસીને ચોકટીની વચમાં જયાંથી પેહેલાં સોય ઉપર કાહાડી હતી, તેજ જગ્યામાંથી ઉપર ખેંચો, હવે પાછી સોય બીજા બે તાર છોડીને ચોથાને પાંચમા તારની વચમાં નીચે ખોસીને પાછી ચોકટીની વચમાંથી બાહાર કાહાડો. એ પ્રમાણે ચોકટીની

આસપાસના તારો છે તેમાં ન તારોની વચમાંથી ટાંકો લઈને ચોકટીની વચમાં સોય કાહાડવી. એ ટાંકો જેવો ઉપર આવે છે તેવોજ નીચે પણ આવશે ને ચોકટીની ઉપર ફુલકીની તરેહ પડશે. એ ટાંકો જે સાદો ટાંકો કોરો ભરવા વગેરેમાં કામમાં આવે છે તે ટાંકો છે, જેને અંગ્રેજીમાં (Satin-stitch) કહે છે. એટલું ધ્યાનમાં રાખવું કે દરેક ટાંકો ચોકટીની વચમાં એકજ જગ્યામાં લેવો કે જેમ કર્યાથી વચમાં છેદ પડયો હોય તેવું માલમ પડે છે. બધા મળીને એક ચોકટીપર ૨૪ ટાંકા બનવા જોઇએ. ચોકટીની આસપાસ ૪૮ તારો છે અને દરેક બે બે તારોની વચમાંથી ટાંકો લેવાનો છે એટલે સઘલા મળીને ૨૪ ટાંકા બનશે. એ પ્રમાણે એક ચોકટી પુરી થાય પછી બીજી ચોકટીમાં વચમાં સોય ખોસીને તે બનાવવા માંડવી. દરેક ચોકટી પુરી થયા પછી દોરો તોડવાની જરૂરત નથી; પણ નીચેથી સોય બીજી ચોકટીમાં ખોસીને દોરો ખેંચવો. પણ એક ચોકટીથી બીજી ચોકટીપર એવી રીતે જવું કે નીચેનો દોરો તરેહની વચમાં આવી જાય અને ઉપર સીધી તરફથી દેખાવા પામે નહીં. એ પ્રમાણે પેહેલાં એક હાર સીધી બનાવી જવી, અને તે પુરી થયા પછી બીજી માંડવી.



આકૃતિ ૧૯ મી.

કુંચીની તરેહની કોર.


(;Border in Key Pattern.)

આ તરેહ ઘણી સારી દેખાય છે, અને ટેબલ કવર અથવા ટ્રેમાં બીછાવવાનાં કપડાંપર બનાવેલી ઘણી સારી લાગે છે. પણ એ તરેહ બનાવવાની મુશકેલ વધારે છે, અને વખત પણ ઘણો લાગે છે; માટે જો ઉતાવળમાં બનાવવાનો વિચાર હોય તો એ તરેહ હાથ ધરવી નહીં. એ તરેહમાં કામ બનાવેલું છે તે તો ઘણું સેહેલ છે પણ એ તરેહ પ્રમાણેની જાળી બનાવવી જરા અઘરી પડે છે. એ તરેહની જાળી બનાવવાને સારૂં પેહેલાં એ તરેહ જે કપડાંપર બનાવવી હોય તે કપડાંપર ચીતરવી; એટલું

યાદ રાખવું કે એ જાળી આઠ તાર કાહાડીને બનાવવાની છે અને વચમાં કપડાંની પટીઓ પડે છે તેમાં પણ આઠ તાર છોડવાના છે, માટે તે પ્રમાણે આઠ આઠ તાર ગણીને તરેહ ચીતરવી. ઉપર આપેલી તરેહ માપ લેતાં જઇને ચીતરતાં જવું કે મુશકેલ પડશે નહીં. આખી એક હાર ચીતરી ગયા પછી તાર કાઢવાના શરૂ કરવા. તરેહ ચીતરેલી છે તેની વચમાંથી આઠ આઠ તાર ખેંચી કાઢવા, અને કપડાંની પટીના તાર રહેવા દેવા. તાર ખેંચતી વખતે ધ્યાન રાખવું કે ભુલમાં પટીના તાર ખેંચાઈ જાય નહીં. જો તેમ થશે તો તરેહ બીગડી જશે. તાર ખેંચવાને સારૂં પેહેલાં તરેહની એક લીટી લેવી અને તેના બેહુ છેડાપરના આઠ આઠ તાર સંભાળથી કાપવા અને પછી ખેંચી કાઢવા. એક લીટી એવી બનાવ્યા પછી તેની પાસેની આડી લીટીના તાર આઠ કાપવા; જેમ કર્યાથી ખુણામાં એક ખુલ્લી ચોકટી બનશે. હવે એ લીટી બનાવી રહયા પછી તેની પાસેની ઉભી લીટી બનાવવા માડવી; તેના પણ આઠ તાર કાપ્યાથી ખુણામા ખુલ્લી ચોકટી બનશે. એક તરેહનાં ચોકટાંમાં પાંચ આડી તથા પાંચ ઉભી લીટીઓ છે. અને દશ ખુલ્લી ચોકટીઓ ખુણાંઓમાં બનશે. હાર ને છેડે સુધી એ તરેહમાં જાળી બનાવ્યાં જવું. પછી જાળીની ઉપર તથા નીચેની બેહુ કોરો ઉપર આકૃતિ ૧ માં બતાવ્યા

પ્રમાણે ચાર ચાર તાર સોયપર લેઈને સાઢી ઓટણનો ટાંકો બનાવ્યાં જવું; અને ખુણાંઓમાં જ્યાંથી તારો કાપેલા છે ત્યાં સાંકલીના ટાંકાંઓએ તેટલી ખાલી જગ્યા મઢી લેવી. અને ખુણાંઓમાં તારાની તરેહ (Star pattern.) બનાવેલી છે તે પણ સાથે સાથે બનાવતાં જવું. ખુણાંમાં તારાની તરેહ નીચે પ્રમાણે બનાવવી:—એક ખુણાંમાંથી સોય ઉપર લઈને દોરો ખેંચવો; પછી તેની સાંમેનાં ખુણાંમાં સોય નીચે ફોડવી, ને દોરો નીચે ખેંચવો, એટલે એક આડો તાર બન્યો; હવે બીજો આડો તાર બનાવવાને સારૂં સાંમેનાં ખુણાંમાં ઉપર સોય ખોસીને દોરો ઉપર ખેંચો અને તેની સામેનાં ખુણાંમાં પાછી નીચે સોય ખોસો, એટલે બે તારની ચોકટી બની. હવે ત્રીજો તાર લેવાને સારૂં ખુણાંઓની બરોબર વચમાં કપડાંની કોરમાંથી ઉપર સોય ખોસીને દોરો ખેંચો અને તેની સાંમે ચાર તારનો ઝુમખો બનાવેલો છે તે ઝુમખામાં એક ગાંઠ મારો કે છ તાર બનશે; હવે છેલ્લો તાર ખુણાંની બીજી બાજુની વચમાંથી બનાવવાનો છે, માટે જ્યાં સાંકળીના ટાંકાએ ખુણું મઢી લીધું છે તેની વચમાંથી સોય ઉપર ખોસો, અને સાંમે ચાર તારનો ઝુમખો બનાવેલો છે તેમાં ગાંઠ મારો. પણ એ ઝુમખામાં ગાંઠ માર્યા પેહેલાં વચમાં જ્યાં સઘલા તારો મળે છે ત્યાં સઘલા તારો સોયપર લઈને પેહેલાં તેનાપર એક ગાંઠ મારવો, અને પછી ઉપર લખ્યા

પ્રમાણે સામેના ઝુમખામાં એક ગાંઠ મારવો, એટલે ખુણાંમાં તારાની તરેહ બનશે. પછી સોય નીચે લઈને કીનારીમાં બાહાર કાહાડવી અને બીજી હારમાં સાહી ઓટણનો ટાંકો બનાવવા માડવો. એ પ્રમાણે છેડે સુધી દરેક હાર તથા ખુણું બનાવ્યા જવું. એ તરેહ જરા બનાવવાની મુશકેળ છે માટે એ જાળીનું કામ બનાવવાનો થોડો અનુભવ મળ્યા પછી એ તરેહ બનાવવી.



આકૃતિ ૨૦ મી.

ચોકટી અને તારાની તરેહ.


(Square & Star Pattern.)

આ ઉપર આપેલી તરેહ ડોયેલીને સારૂં તથા કુશનના કવર બનાવવાને સારૂં ઘણી કામ આવી શકે છે. એ ખુલ્લી જાળીની તરેહ હોવાને લીધે રંગીન કપડાંના કુશન પર કવર ચડાવેલું શોભે છે; કારણ કે જાળીમાંથી કપડાંનો રંગ દેખાઇ શકે છે. એજ તરેહ વડે ટેબલપર બીછાવવાને સારૂં તેમજ ટ્રેમાં બીછાવવાને સારૂં નાના કટકા બનાવવામાં આવે છે. તેની કીનારી પણ બનાવી શકાય છે. જેટલી પોહોળી બનાવવી હોય તેટલી બની

શકે છે. એ તરેહ બનાવવાની ઘણી સેહેલ છે. તેને સારૂં પેહેલાં આડા તથા ઉભા બેહુ તારો કપડાંમાંથી ખેંચવાના છે. જો મોટી ચોકટી બનાવવી હોય તો તેનાં પ્રમાણમાં વધારે તાર ખેંચવા તથા કપડાંની ચોકટીને સારૂં પણ વધારે તાર છોડવા. ઉપર આપેલી તરેહમાં નીચે લખ્યા પ્રમાણે તાર ખેંચવાના છે:–કપડાંની કીનારી જેટલી પોહોળી રાખવી હોય તેટલું કપડું છોડીને પેહેલાં કપડાંના આડા તાર ખેંચવા માડવા. પેહેલા પંદર તાર ગણીને કાપો અને તેની પાસેના પંદર તાર ચોકટીને સારૂં છોડો અને પાછા તેની પાસેના પંદર તાર કાપો; એ પ્રમાણે છેડે સુધી કાપ્યા જાવો. એક બાજુના પુરા થયા પછી તેની સામેના તાર કાપવા માડો; પણ સંભાળ રાખવી કે જે પેહેલી બાજુના તાર કાપેલાં હોય તેજ સામેની બાજુના પણ કાપવા. જો પેહેલી બાજુનો પેહલો એક તાર ખેંચશો તો તુરત સમજ પડી જશે કે સામી બાજુએ કયો તાર કાપવો. એ પ્રમાણે દરેક પંદર તાર કાપેલા તેનો પેહલો તાર ખેંચવો કે સામી બાજુએ માલમ પડી જશે. એ પ્રમાણે કાપી રહયા પછી તારો ખેંચી કાહડવા. આડા તાર ખેંચ્યા પછી ઉભા તાર પણ તેમજ ખેંચવા; પંદર તાર ખેંચવા તથા પંદર તાર છોડવા; એ પ્રમાણે તારો ખેંચવાથી ચોકટી પડશે. એવી જાળી બનાવ્યા પછી નીચે લખ્યા

પ્રમાણે એનું ભરત કામ બનાવવા માડવું. ભરત કામ કરવાને સારૂં કપડાંના તાર કરતાં સેજ વધારે જાડો દોરો લેવો; કપડાંની કીનારીને મજબુતાઇ આપવાને સારૂ જે ગાળાઓ પડે છે તેની કીનારીપર સાંકળીનો ટાંકો જેને (Button-hole Stitch) કહે છે તે ચારો બાજુએ બનાવી જાવો. ત્યાર પછી એકવડો ગાંઠનો ટાંકો બનાવવા માડો. એ ગાંઠના ટાંકાને અંગ્રેજીમાં (Punto tirato knot) કહે છે. એ ટાંકો બનાવવાની રીત આકૃતિ ૭ માં આપેલી છે. એક ખૂણામાંથી પેહેલાં શરૂ કરો; સોયમાં લાંબો દોરો પોરો, કારણ કે એક હારને છેડે સુધી પોહોંચવો જોઈએ. ખાલી ગાળાની વચમાં કીનારીમાંથી સોય ઉપર ખેંચો, અને જાળીના પંદર તાર છે તેમાંથી પાંચ પાંચ તાર સોય ઉપર લઈને એકવડો ગાંઠ બનાવ્યા જાવો. સંભાળ રાખવી કે દોરો ખેંચાઇ જાય નહીં. જો તેમ થશે તો કપડું સોસાઇ જશે અને કામ બનાવેલું સારૂં લાગશે નહીં. જે પ્રમાણે પેહેલી હાર એકવડા ગાંઠની બનાવી છે તે પ્રમાણે જેટલી જાળીની હારો હોય તે સઘળી પાંચ પાંચ તાર લઇને બનાવી જાવો. એ સીધી હારો બનાવી રહયા પછી આડકતરી હારો બનાવવા માડવી. સીધી હારો બનાવતાં વચમાં ગાળો આવે છે પણ આડકતરી હારો બનાવતાં વચમાં કપડાંની ચોકટી આવશે. એ આડ-

કતરી હાર બનાવવાનું એક ખૂણામાંથી શરૂ કરો. પેહેલાં તો ખૂણામાં એક ગાંઠ બનાવો; ત્યાર પછી તેની સામેની ચોકટીને પેહેલે છેડે એક ગાંઠ બનાવો, અને ત્યાર પછી ચોકટીને બીજે સામેને છેડે એક બીજો ગાંઠ બનાવો; કે ચોકટીની ઉપર દોરાનો તાર રેહેશે; એ પ્રમાણે છેડે સુધી બનાવ્યા જવું અને બીજી હારો પણ એજ પ્રમાણે બનાવવી. હવે એ એક તરફની આડ-કતરી હારો પુરી થયા પછી તેની સામેની બાજુથી પાછી શરૂ કરવી. અને એ હારો બનાવતી વખતે ખુલ્લી ચોકટીમાં જે છ દોરાઓની ચોકટી બનેલી છે તે સઘળા દોરાઓ સોય પર લઈને એક વચમાં ગાંઠ બનાવવો; ત્યાર પછી ચોકટીને પેહેલે છેડે એક ગાંઠ બનાવવો, અને પછી ચોકટીની વચમાં જે દોરો છે તેના ઉપર એક ગાંઠ બનાવશો. અને ત્યાર પછી ચોકટીને છેડે બનાવવો. પછી પેહેલાંની માફક ખુલ્લી ચોકટીમાના છ દોરા લઇને તેની વચમાં ગાંઠ બનાવવો; એ પ્રમાણે બનાવ્યાં જવું. એ ખુલ્લી ચોકટીની વચમાંના દોરા-ઓમાં ગાંઠ બનાવવાથી દોરાઓ જગ્યામાં રહે છે અને ફુલકી જેવો ઘાટ માલમ પડે છે. એ તરેહ બનાવવાની ઘણી સેહેલ છે. ઉપર આપેલી તરેહ જોવાથી બના-વવાની રીત ઘણી સારી રીતે સમજી શકાશે.



આકૃતિ ૨૧ મી.

જાળીની તરેહની ડોયેલી.

(Net Work D'Oyley)


આ ઉપર આપેલી ડોયેલીની તરેહ ઘણીજ સુંદર છે. અને બનાવવાને પણ સેહેલ છે. એ તરેહ ડોયેલી શિવાય બીજી ઘણી ચીજો બનાવવાના કામમાં આવી શકે છે. જેવું કે તકીઆનું કવર તેમજ બીજા કાંઇ કામને સારૂં લેસ પણ એ તરેહ વડે ઘણી સારી બની

શકે છે. જો બારીક કપડાંપર એ તરેહ બનાવી હોય તો વધારે સરસ લાગે છે. એ તરેહ જેટલી પોહોળી તથા સાંકડી બનાવવી હોય તેટલી બની શકે છે. એ તરેહ ચોરસ કપડાંના કટકા પર ઘણી સારી બની શકે છે; કારણ કે એ તરેહને બનાવવાને સારૂં જેમ આપણે ઉભાં કપડાંનાં તાર ખેંચીએ છીએ તેમ ખેંચવાના નથી, પણ આડકતરા તાર તરેહને સારૂં ખેંચવા પડે છે. એ તરેહ બનાવવાને સારૂં નીચે લખ્યા પ્રમાણે તારો ખેંચીને જાળી બનાવવી:—

જે કપડાંપર તમે એ તરેહ બનાવવા માગતાં હોવો તે કપડાંને પેહેલાં સરખું ચોરસ કાપો, પછી જો તે કપડાંની કીનારી રાખવી હોય તો તે રાખીને પછી કપડું એવી રીતે હાથમાં પકડો કે તે કપડાંનું એક ખૂણું તમારા પોતા તરફ રહે, અને તેની સામેનું આડકતરૂં ખૂણું તમારી સામે આવે. હવે જે રીતે તમે કપડું હાથમાં પકડયું છે તેજ પ્રમાણે તારો ખેંચવાના છે. પેહેલાં એક નીચેનાં ખૂણાંમાંનો આડકતરો તાર કાપો અને તેની પાસેના બીજા ત્રણ તારો કાપો. હવે એજ તારો પાછા સામેનાં ખૂણામાનાં પણ કાપો અને એ ચાર તારો ખેંચી કાહાડો. હવે તેની પાસેના બે તાર રેહેવા દઈને બીજા ચાર તાર કાપો અને ખેંચો કાહાડો;

એજ પ્રમાણે છેક ત્રીજાં ખૂણાં સુધી ચાર કાપવા અને બે તાર રેહવા દેવા, અને જાળી બનાવ્યાં જવું. વચમાંનો તાર બીજા સઘળાથી લાંબો નીકળશે. પછી જેમ આગળ ત્રીજાં ખૂણાં આગળ જશો તેમ તાર નાના થતા જશે. એ પ્રમાણે પેહેલાં એક બાજુના તાર ખેંચવા, અને પછી બીજી બાજુ શરૂ કરવી. જે પ્રમાણે એ તારો ખેંચ્યા છે તેજ પ્રમાણે હવે ત્રીજાં કોણાંપરથી પાછા બીજા તારો ઉપર લખ્યા પ્રમાણે ખેંચો કે જેમ કરવાથી જાળીની તરેહ પડશે. એ તરેહમાં તાર ખેંચવાનું પેહેલાં જરા મુશકેલ લાગે છે, પણ એકવાર સમજમાં આવશે તો ઘણું સેહેલ લાગશે. ઉપર આપેલી તરેહ જોવાથી તુરત સમજ પડશે. એ તરેહ સીવવાની તો ઘણી સેહેલ છે. પેહેલાં એક ખૂણાંમાંથી શરૂ કરવું, જેવું ઝીણું અથવા જાડું કપડું હોય તે પ્રમાણેનો લાંબો દોરો સોયમાં પોરવવો અને કપડાંની કીનારીમાં સોય ખોસીને ઉપર કાહાડવી. પછી સોય પેહેલા છેડમાં નીચે ખોસીને તેની ડાબી બાજુના છેડમાંથી ઉપર ખેંચવી. હવે સોય પાછી ઉપરના જમણી બાજુના છેડમાં નીચે ખોસીને તેની પાસેનાં ડાબી તરફના છેડમાંથી ઉપર ખેંચવી. એ પ્રમાણે છેક હારના નાકાં સુધી કરવું; પછી કપડાંની કીનારીમાં સોય ફેરડીને પાછી સોય ઉપર લાવીને એજ પ્રમાણે બીજી હાર શરૂ કરવી,

એ સઘળી હારો પુરી થયા પછી બીજી તરફની હારો બનાવવી. એ ટાંકો જેમ આપણે કપડાંમાં ઓટણ બનાવીએ છીએ તેવી રીતે બનાવવાનો છે. ઓટણ કપડાંમાં બને છે અને આ ટાંકો બનાવવાને સારૂં છેડમાં સોય ખોસીને બાહાર કાહાડવી પડે છે. એ ટાંકો જાળીને મજબૂતાઈ આપવાને સારૂં બનાવવો પડે છે.



આકૃતિ ૨૨ મી.

પાતરાંની તરેહની ડોયેલી.

(Alleaf pattern D'Oyley.)

આ ઉપર આપેલી તરેહ બનાવવાની ઘણી સેહેલ છે અને વળી શોભીતી છે. એ તરેહ ઘણી ચીજો બનાવવાના કામમાં આવે છે. ઉપર આપેલી તરેહમાં જે રીતે જાળી બનાવી છે તેવી જાળી બીજી કોઈબી તરેહમાં બનાવી શકાય છે. એ તરેહ બનાવવાની મુશકેલ નથી; પણ એ બનાવતાં વખત ઘણો થાય છે. એકવાર કપડાંના તાર ખેંચીને જાળી બનાવ્યા પછી વખત લાગતો

નથી, કારણ કે સીવવાનું કામ ઘણું સેહેલ છે. એ તરેહ ટેબલ કલોથ તથા કુશન કવર તથા ડોયેલી તેમજ બીજી ઘણી ચીજો બનાવવાનાં કામમાં આવે છે. જે કપડાંપર એ તરેહ બનાવવી હોય તેનાપર પેહેલાં તરેહ પેનસીલ વડે ચીતરવી. પછી તરેહની ઉપર 'બટન હોલ' નો ટાંકો (Button hole stitch) સફાઈથી બનાવી જાવો. આખી તરેહ ઉપર એ બટન હોલનો ટાંકો કરી ગયા પછી જાળી બનાવવા માંડવી. તરેહની એક બાજુએથી કપડાંના તાર ખેંચવા માડવા. પેહેલાં બે તાર કાપો અને ખેંચી કાહાડો; તેની પાસેના બે તાર રેહવા દઇને બીજા બે તાર કાપીને ખેંચી કાહાડો; એ પ્રમાણે બે તાર ખેંચો તથા બે તાર છોડી દેવો. એ તો એક તરફના તાર ખેંચાયા. હવે જાળી બનાવવાને સારૂં સામેના તાર ખેંચો. તે પણ ઉપર લખ્યા પ્રમાણેજ ખેંચવા; બે તાર ખેંચવા અને બે તાર રેહેવા દેવા. એ પ્રમાણે દરેક પાતરાં તથા ફુળની જે પણ તરેહ હોય તેમાં જાળી બનાવવી. જાળી બનાવી રહયા પછી સીલાઈ શરૂ કરવી. પેહેલાં જે છેડેથી ફાવે તે છેડાથી શરૂ કરવું. એ સીલાઇ કરવા ને સારૂં દોરો ઘણો ઝીણો વાપરવો કે સીલાઇ કીધેલી માલમ પડે નહીં. જાળીના તાર જગ્યા પરથી ખસી જાય નહીં તેને માટે સીલાઈ કરવી પડેછે. જેમ ઓટણનો ટાંકો લઈએ છીએ તેમ જાળીપર સીલાઈ

કરી જવી. જ્યારે તારનો છેડો આવે ત્યારે કીનારી પર 'બટન હોલ'નો ટાંકો ભરેલો છે તેમાં સોય પ્રોડીને પછી બીજી હાર શરૂ કરવી. એ પ્રમાણે દરેક હાર પર સીલાઇ કરી જવી. ઉપર એ તરેહ આપેલી છે તે જોવાથી બનાવનારને વધારે સમજણ પડશે. એ સીલાઈ કરવાની રીત આકૃતિ ૨૧ માં વધારે ખુલાસાથી લખેલી છે માટે જો સમજ નહીં પડે તો તેમાં જોવાથી પૂરી સમજ પડશે.